dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-326 | AD-2025, Bhadarva Sud-09 | Monday, Dt.01-09-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે તિયાનજિનમાં મહત્વપૂર્ણ બેઠક યોજી

# ડ્રેગન અને હાથી એક સાથે આવે તે ખૂબ જ મહત્વપૂર્ણ : શી જિનપિંગ

બીજીંગ,તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે રવિવારે તિયાનજિનમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. લગભગ એક કલાક ચાલેલી આ બેઠકમાં સરહદ વિવાદ, કૈલાશ માનસરોવર, વેપાર અને પરસ્પર સંબંધોને મજબૂત બનાવવા જેવા તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. યુએસ ટેરિફથી ઝઝૂમી રહેલી દુનિયાની નજર આ બેઠક પર હતી. લગભગ ૧૦ મહિનામાં પીએમ મોદી અને જિનપિંગ વચ્ચે આ પહેલી મુલાકાત છે. બંને નેતાઓ છેલ્લે ઓક્ટોબર ૨૦૨૪ માં રશિયાના કાઝાનમાં બ્રિક્સ સમિટ દરમિયાન મળ્યા હતા. સત્તાવાર સૂત્રોએ સંકેત આપ્યો છે કે તેઓ દિવસના અંતમાં ફરી મળી શકે છે.



ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની દ્વિપક્ષીય મુલાકાત દરમિયાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'ગયા વર્ષે કાઝાનમાં અમારી ખૂબ જ ઉપયોગી ચર્ચાઓ થઈ હતી, જેણે અમારા સંબંધોને સકારાત્મક દિશા આપી હતી. સરહદ પરથી સૈનિકો પાછા ખેંચ્યા પછી શાંતિ અને સ્થિરતાનું વાતાવરણ સર્જાયું છે. વડાપ્રધાન મોદીએ કહ્યું, 'સરહદ વ્યવસ્થાપન અંગે અમારા ખાસ પ્રતિનિધિઓ વચ્ચે એક કરાર થયો છે. કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવામાં આવી છે. બંને દેશો વચ્ચે સીધી ફ્લાઈટ્સ પણ પુનઃસ્થાપિત થઈ રહી છે. બંને દેશોના ૨.૮ અબજ લોકોના હિત આપણા સહયોગ સાથે જોડાયેલા છે. આનાથી સમગ્ર માનવતાના કલ્યાણનો માર્ગ પણ મોકળો થશે. અમે પરસ્પર વિશ્વાસ, આદર અને સંવેદનશીલતાના આધારે આપણા સંબંધોને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છીએ. વડાપ્રધાન મોદીએ કહ્યું, 'શાંઘાઈ સહયોગ સંગઠનના ચીનના સફળ અધ્યક્ષપદ માટે હું તમને અભિનંદન આપું છું. ચીન આવવાના આમંત્રણ અને આજે આપણી બેઠક બદલ હું તમારો આભાર માનું છું.' અમેરિકાની વેપાર અને ટેરિફ નીતિઓને કારણે ભારત-અમેરિકા સંબંધોમાં અચાનક થયેલા બગાડને ધ્યાનમાં રાખીને આ મુલાકાત મહત્વપૂર્ણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે બંને દેશોના ૨.૮ અબજ લોકોના હિત આપણા બંનેના સહયોગ સાથે જોડાયેલા છે. તેમણે કહ્યું કે આ સમગ્ર માનવતાના કલ્યાણનો માર્ગ પણ મોકળો કરશે.

પીએમ મોદી પછી, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે કહ્યું કે બંને દેશો પરસ્પર સહયોગ માટે તૈયાર છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે તિયાનજિનમાં એસસીઓ સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું, 'તમને ફરીથી મળીને આનંદ થયો. ગયા વર્ષે કાઝાનમાં આપણી સફળ મુલાકાત થઈ હતી.' જિનપિંગે એસસીઓ સમિટ માટે મોદીને અભિનંદન આપ્યા અને બંને દેશો વચ્ચે સહયોગ મજબૂત કરવાની ઈચ્છા વ્યક્ત કરી. આ મુલાકાત ૨૦૨૦ના ગલવાન અથડામણ પછી ભારત-ચીન સંબંધોને સુધારવા માટેનું બીજું પગલું છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે કહ્યું કે, દુનિયા પરિવર્તન તરફ આગળ વધી રહી છે, ભારત અને ચીન બે પ્રાચીન સભ્યતાઓ અને સૌથી વધુ વસ્તી ધરાવતા દેશો છે, તે ગ્લોબલ સાઉથનો ભાગ છે. તેમણે ભાર મૂક્યો, 'મિત્ર રહેવું, સારા પડોશી બનવું અને ડ્રેગન અને હાથી એક સાથે આવે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.' જિનપિંગે વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિ માટે બંને દેશો વચ્ચેના સહયોગને મહત્વપૂર્ણ ગણાવ્યો હતો, ખાસ કરીને એવા સમયે જ્યારે વૈશ્વિક અર્થતંત્રમાં અસ્થિરતા છે.

## બલિયામાં ગંગાના કિનારા ઝડપથી ધોવાઈ ગયા

# પંજાબના ૮ જિલ્લામાં ભારે વરસાદ, ૧૦૧૮ ગામો પૂરની ઝપેટમાં આવ્યા

**યુપીમાં પણ સતત વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ**



ચંડીગઢ,તા.૩૧

પંજાબના આઠ જિલ્લાઓમાં ભારે વરસાદ બાદ ૧૦૧૮ ગામો પૂરની ઝપેટમાં છે. પૂર અને વરસાદમાં અત્યાર સુધીમાં ૮ લોકોના મોત થયા છે. ૩ લોકો ગુમ છે. ૧૧ હજારથી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. રાવી નદીના વધતા જળસ્તરને કારણે, ગુરદાસપુરના ઘોનેવાલેમાં ધુસ્સી ડેમ તૂટી ગયો હતો. જેના કારણે પાણી લગભગ ૧૫ કિ.મી. દૂર અજનાલા શહેરમાં પહોંચ્યું હતું. પૂરને કારણે ૮૦ ગામડાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આ દરમિયાન, હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં મણિમહેશ યાત્રા રોકી દેવામાં આવી છે. ઉત્તર પ્રદેશના ૧૮ જિલ્લાઓમાં સતત વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ છે. વરસાદમાં અત્યાર સુધીમાં ૭૭૪ ઘરો ધરાશાયી થયા છે. બલિયામાં ગંગાના કિનારા ઝડપથી ધોવાઈ રહ્યા છે. આ કારણે, ૨૪ કલાકમાં ચક્કી નૌરંગા અને ભગવાનપુર વિસ્તારના ૨૪ ઘરો ગંગામાં સમાઈ ગયા હતા.

## ૬થી વધુ લોકો ઘાયલ, પોલીસ ઘટનાસ્થળે પહોંચી

# લખનઉમાં ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટ થતા ૬ના મોત

લખનઉ,તા.૩૧

ઉત્તરપ્રદેશના લખનઉમાં એક ફટાકડા ફેક્ટરીમાં જોરદાર વિસ્ફોટ થયાની ઘટના સામે આવી છે. જેના કારણે આખી ફેક્ટરી આગની લપેટમાં આવી જતાં લગભગ છ લોકોના મોતના અહેવાલ સામે આવ્યા છે. જોકે અન્ય છ લોકો ઘાયલ થયાની પણ માહિતી છે. દુર્ઘટનાની જાણકારી મળતાં જ ફાયરબ્રિગેડ અને રેસ્ક્યુ તથા પોલીસની ટીમ ઘટનાસ્થળે ધસી આવી હતી. ટોચના અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જોકે આ ઘટના



કેવી રીતે બની અને શું કારણ હતું તેને લઈને કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી. તપાસ બાદ જ દુર્ઘટનાનું સાચુ કારણ જાણી શકાશે. લખનઉમાં એક ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો છે. ફેક્ટરીની દિવાલો ધરાશાયી થઈ હતી. ફેક્ટરીની નજીકનું એક ઘર પણ પડી ગયું હતું. જણાવવામાં આવી રહ્યું છે કે એની નીચે દટાઈ જવાથી ઘણા લોકો ઘાયલ થયા છે. કેટલાક લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ અકસ્માતમાં ૬ લોકોનાં મોત થયાં છે. આ અકસ્માત ગુડાંબા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બન્યો હતો. સ્થાનિક લોકોની માહિતી પર ઘણી એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયરબ્રિગેડની ૬ ગાડી પણ ઘટનાસ્થળે હાજર થઈ હતી. વિસ્ફોટ બાદ ફેક્ટરીની આસપાસ હજારો લોકો ભેગા થઈ ગયા હતા. પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. ડીએમ અને કમિશનર પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.




# દિલ્હીથી ઈન્દોર જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં આગ, મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા



ન્યુ દિલ્હી,તા.૩૧

દિલ્હીથી ઈન્દોર જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI૨૯૧૩ (A-૩૨૦ Neo એરક્રાફ્ટ)ને જમણા એન્જિનમાં આગ લાગવાના અહેવાલો બાદ દિલ્હી પરત મોકલવામાં આવી હતી. આ ઘટના રવિવારે સવારે બની હતી. એર ઈન્ડિયાએ કહ્યું હતું કે વિમાને સવારે ૬.૧૫ વાગ્યે ૯૦ મુસાફર સાથે ઉડાન ભરી હતી. લગભગ અડધા કલાક પછી એન્જિનમાં આગ લાગવાની જાણ થઈ અને પ્રક્રિયા મુજબ પાઈલટે એન્જિન બંધ કરી દીધું હતું. બાદમાં વિમાન સુરક્ષિત રીતે એરપોર્ટ પર લેન્ડિંગ કરાવ્યું હતું. એરલાઈને જણાવ્યું હતું કે વિમાનનું ગ્રાઉન્ડ ઈન્સ્પેક્શન કરવામાં આવશે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)ને પણ આ ઘટના અંગે જાણ કરવામાં આવી છે. ૨૯ ઓગસ્ટના રોજ પણ દિલ્હીથી શ્રીનગર આવી રહેલી સ્પાઈસજેટની ફ્લાઈટનું ઈમર્જન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રેશરાઈઝેશનની સમસ્યાને કારણે ફ્લાઈટ SG ૩૮૫ને બપોરે ૩.૨૭ વાગ્યે શ્રીનગર એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડિંગ કરાવવામાં આવી હતી. માહિતી મુજબ, એર ઈન્ડિયાની ફ્લાઈટ AI૨૯૧૩એ ૩૧ ઓગસ્ટ, રવિવારના રોજ દિલ્હીથી ઈન્દોર માટે ઉડાન ભરી હતી, પરંતુ ટેકઓફ પછી તરત જ ફ્લાઈટને દિલ્હી પરત લાવવામાં આવી હતી, કારણ કે કોકપીટ ક્રૂને જમણા એન્જિનમાં આગ લાગવાના સંકેત મળ્યા હતા. ત્યાર બાદ પાઈલટે એન્જિન બંધ કરવાનો નિર્ણય લીધો અને ફ્લાઈટને દિલ્હી પાછી વાળી હતી.









## મંડળીના ચેરમેન કિરીટભાઈ નળીયાધરાએ મહેમાનોનું સ્વાગત કર્યું, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના હસ્તે

# બગસરા ખાતે શ્રી સરદાર પટેલ શ.સ. મંડળીના નૂતન બિલ્ડીંગનું લોકાર્પણ કરાયું






અમરેલી,તા.૩૧

બગસરા ખાતે શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળીના નૂતન બિલ્ડીંગનું લોકાર્પણ ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ લોકાર્પણ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, ભાવનાબેન ગોંડલીયા, મનિષભાઈ સંઘાણી, જે.કે. ઠેસીયા ચેરમેન સરદાર પટેલ શૈક્ષણિક સંકુલ જૂનાગઢ, પાલિકા પ્રમુખ જ્યોત્સનાબેન એ.વી. રીબડીયા, લેઉવા પટેલ સમાજ ગોકુલપરાના પ્રમુખ રમેશભાઈ સુવાગીયા, ઉદ્યોગપતિ સંજયભાઈ શિંગાળા અને હિંમતભાઈ વાગડિયા, અનીલભાઈ વેકરીયા, સુરેશભાઈ દેસાઈ, દયાળભાઈ સંઘાણી, જયંતીભાઈ પાનસુરીયા, છગનભાઈ હિરાણી, ધિરૂભાઈ માયાણી, ચંદુભાઈ વાગડીયા (માયકલ), હસમુખભાઈ કિકાણી (ઉદ્યોગપતિ સુરત) ખાસ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા તમામ મહેમાનોનું મંડળીના ચેરમેન કિરીટ નળીયાધરા અને જનરલ મેનેજર અજય હિરપરાએ હૃદયપૂર્વક સ્વાગત કર્યું હતું.

# જે.વી. કાકડીયાના હસ્તે ચલાલામાં PGVCLની અંડરગ્રાઉન્ડ કેબલ કામગીરીનો પ્રારંભ



ધારી,તા.૩૧

ચલાલા શહેરમાં આજરોજ પીજીવીસીએલ દ્વારા અંડર ગ્રાઉન્ડ કેબલની કામગીરી ચાલુ કરેલ. ચલાલા શહેરમાં વારંવાર લાઈટ જતી રહેવા જેવા ઘણા વીજપ્રશ્નો છે. આ અંડર ગ્રાઉન્ડ કેબલ નાખવાથી ચલાલા શહેરના લોકોને વીજપ્રશ્નોથી રાહત મળશે.

ચલાલા સિટીની અંદર ફરતે અંડરગ્રાઉન્ડ કેબલના કામનું ખાતમુહૂર્ત ધારી-બગસરા-ખાંભા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે ઉપસ્થિત ભઈલુભાઈ વાળા, જયરાજભાઈ, પરેશભાઈ કાથરોટીયા, દિનમહમદભાઈ બ્લોચ, અવીરતભાઈ માલા, મનસુખભાઈ ગેડિયા, કેતનભાઈ સરવૈયા, સૂર્યવીરભાઈ વાળા, ભરતભાઈ માલવિયા, હિતેશભાઈ રામાણી, મનસુખભાઈ કાથરોટીયા, તેજસભાઈ ગોસાઈ, મિતેશભાઈ ભટ્ટ સહિત શહેરના કાર્યકર્તાઓ, આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા વિસ્તારમાંથી ચોરી કરેલા બે મોંઘા ફોન સાથે ઈસમ ઝડપાયો




અમરેલી,તા.૩૧

અમરેલી LCB દ્વારા રાજુલા વિસ્તારમાંથી એક વ્યક્તિને શંકાસ્પદ મોબાઈલ ફોન સાથે ઝડપી પાડવામાં આવ્યો છે. LCB ટીમે બાતમીના આધારે ચાંચ ગામના ચતુર પોપટભાઈ ગુજરીયાને અટકાવી, તેની પાસેથી બે મોબાઈલ ફોન જપ્ત કર્યા હતા. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે, આ બંને ફોન તેની પત્નીને મળ્યા હતા. ટેકનિકલ તપાસમાં ખુલાસો થયો કે, આ ફોન રાજુલામાં થયેલી ઘરફોડ ચોરીના હતા. આ ઘટના ગત તા. ૧૨/૧૧/૨૦૨૪ ના રોજ બની હતી. રાજુલાના રહેવાસી સદરૂદ્દીનભાઈ દલ પોતાના બે મોંઘા મોબાઈલ ફોન (૧૬૦,૦૦૦ કિંમતના iPhone ૧૬ Pro Max અને Samsung Ultra) તેમના સંબંધીના ઘરે સાચવવા આપ્યા હતા. આ દરમિયાન કોઈ અજાણ્યો ચોર તેમના સંબંધીના ઘરના તાળા તોડી ફોન ચોરી ગયો હતો. આ મામલે રાજુલા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. અમરેલી LCB એ ચોરી થયેલા બંને ફોન, જેની કિંમત ૧,૫૫,૦૦૦ છે, તે રિકવર કર્યા છે.

# જિલ્લાના તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્ર પર ડાયાબિટીસ-બીપીનો કેમ્પ યોજાયો

**જિ.પં.પ્રમુખ, ડીડીઓ અને આરોગ્ય સમિતિના ચેરમેનના માર્ગદર્શન હેઠળ સંપન્ન**



અમરેલી,તા.૩૧

જિલ્લાના તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, અર્બન હેલ્થ સેન્ટર, આયુષ્માન આરોગ્ય મંદિર પર ડાયાબિટીસ અને હાયપર ટેન્શન (બીપી)નું સ્ક્રિનિંગ-નિદાન કરવામાં આવ્યું હતું. આ ચકાસણી કાર્યક્રમ અંતર્ગત એક જ દિવસમાં જિલ્લાના ૧૭,૩૦૫ નાગરિકોના હાયપર ટેન્શન અને ડાયાબિટીસની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકીના ૨,૪૩૭ વ્યક્તિને હાયપરટેન્શન (બીપી) અને ૧,૬૪૮ વ્યક્તિઓને પ્રાથમિક રીતે ડાયાબિટીસ હોવાનું માલુમ પડ્યું હતું. આ ઉપરાંત સ્તન કેન્સરના ૦૪ શંકાસ્પદ કેસ, મોઢાના કેન્સરના ૦૫ શંકાસ્પદ કેસ પણ મળી આવ્યા હતા. આ સાથે ચોમાસાની ઋતુના કારણે રોગચાળો વધવાની શક્યતાને ધ્યાને લેતા જનરલ ઓ.પી.ડી પણ કરવામાં આવી હતી. જેમાં વાહકજન્ય રોગો અને પાણીજન્ય રોગોથી થતી બીમારીઓ વિશે અને તેનાથી બચવા શું ધ્યાન રાખી શકાય તેના વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લાના તમામ આરોગ્ય આયુષ્યમાન મંદિર પર યોજાયેલો ખાસ કેમ્પ જિલ્લા પંચાયતના પ્રમુખ અને સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા અને મુખ્ય જિલ્લા આરોગ્ય આધિકારી આર.એમ. જોષીના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો.

# અમરેલી જિલ્લાના રોજગાર ઈચ્છુકો માટે આવતીકાલે ભરતી મેળો યોજાશે

અમરેલી,તા.૩૧

અમરેલી જિલ્લાના રોજગાર ઈચ્છુકો માટે ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ શીતલ કુલ પ્રોડક્ટસ લિ. અમરેલી માટે ૧૮ થી ૭૦ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાઓને અનુરૂપ ઉમેદવારો પાસે હેવી લાયસન્સ તેમજ વાંચતા લખતા આવડવું જોઈએ, તેમજ ધોરણ ૧૨ થી સ્નાતક સુધીની (૦૧ થી ૦૨ વર્ષનો અનુભવ) શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના ડિજિટલ માધ્યમથી ભરતી મેળાનું તા.૦૨.૦૯.૨૦૨૫ના રોજ સવારે ૦૯ વાગ્યે અમરેલીમાં શીતલ કુલ પ્રોડક્ટસ લિમિટેડ, પ્લોટ નં. ૭૫ થી ૮૧, જી.આઈ.ડી.સી એસ્ટેટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોએ આધારકાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ વેબપોર્ટલ પર જોબસીકર તરીકે રજિસ્ટ્રેશન લીંક **https://anubandham.gujarat.gov.in/account/signup** પર નોંધણી કરવાની રહેશે.

# અમરેલીમાં છૂટાછેડા બાદ પણ પતિના ત્રાસથી પીડિત મહિલાની મદદે મહિલા હેલ્પલાઈન ટીમ




અમરેલી,તા.૩૧

અમરેલી શહેરની એક મહિલા પોતાના પતિ સાથે આશરે ૩ મહિનાથી છૂટાછેડા લઈ ચૂક્યા હોવા છતાં પતિ તેના પર બળજબરી કરી પોતાના ઘરે જ રહેવા મજબૂર કરતો હતો અને તેમને એકલી બહાર જવા દેતો ન હતો. આ પરિસ્થિતિમાં પીડિતાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. કૉલ મળતાની સાથે જ કાઉન્સેલર રાધિકા જોષી, GRD વિલાસબેન તથા પાયલોટ જગદીશભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ટીમે મહિલાનું સંવેદનશીલ કાઉન્સેલિંગ કર્યું અને પતિને કાયદાકીય રીતે સમજાવ્યું કે છૂટાછેડા બાદ પત્ની પર કોઈ પણ પ્રકારનો હક્ક નથી. મહિલા પોતાની ઈચ્છા મુજબ સ્વતંત્રપણે જીવન જીવી શકે છે. સાથે જ મહિલાને સખી વન સ્ટોપ તથા કોર્ટ સંબંધિત કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહિલાએ સક્ષમ ઉંમરની હોવાને કારણે પોતાના મન મુજબ રહેવાનો નિર્ણય લીધો હતો.

# સાવરકુંડલાની સ્વામિનારાયણ ગુરુકુળ પ્રાથમિક વિદ્યાલયમાં બાળકોનો વેશભૂષા કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા,તા.૩૧

સાવરકુંડલાની સ્વામિનારાયણ ગુરુકુળ પ્રાથમિક વિદ્યાલયમાં બાળકોનો વેશભૂષા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં બાળકો દ્વારા ભગવાન શ્રી વિષ્ણુના દશાવતાર, માતાજી તથા સામાજિક વ્યવસાયિકો (જેમ કે વકીલ, ડોક્ટર વગેરે)ની સુંદર રજૂઆત કરવામાં આવી હતી, જેને વાલીઓ અને ઉપસ્થિત મહાનુભાવો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો. આ કાર્યક્રમને આશીર્વાદ સંસ્થાના વડા ભગવદપ્રસાદ દાસજી, પ્રમુખ શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદ દાસજી, સંસ્થાના કોઠારી સ્વામી અક્ષરમુક્ત દાસજી સ્વામી, તથા સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહેલા સ્વામી શુકદેવપ્રસાદ દાસજી અને સંસ્થાના ડાયરેક્ટર ગિરીશભાઈ વ્યાસ દ્વારા પ્રાપ્ત થયા હતા. આ કાર્યક્રમમાં વાલીઓનો ખૂબ સહકાર મળ્યો હતો, જેના પ્રતિભાવ રૂપે શૈક્ષણિક વિભાગના CRC અજયભાઈ ખુમાણ દ્વારા શાળાના કાર્યને બિરદાવવામાં આવેલ.









## બગસરાના સામુદ્રી માતાજીના મંદિરે પાટોત્સવ યોજાયો



બગસરામાં કંડોળીયા બ્રાહ્મણ, દશા, વિશા અને કપોળ વણિકના કુળદેવી સામુદ્રી માતાજીના મંદિરે ભવ્ય પાટોત્સવ યોજાયો હતો. પાટોત્સવમાં સાંજના સમયે બીડુ હોમવામાં આવ્યુ હતું. આ તકે મોટી સંખ્યામાં ભાવિકો હાજર રહ્યા હતા. **ફોટો-મયુર પંડયા**

# અમરેલીમાં ગજેરા કેમ્પસ વિદ્યાસભા ખાતે નેશનલ સ્પોર્ટ્સ-ડેની ભવ્ય ઉજવણી: ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા

અમરેલી,તા.૩૧



શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા, અમરેલી ખાતે હોકીના જાદુગર મેજર ધ્યાનચંદની જન્મજયંતી નિમિત્તે 'નેશનલ સ્પોર્ટ્સ-ડે'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ગજેરા સ્કૂલ, ડી.એલ.એસ. એસ. સ્પોર્ટ્સ સ્કૂલ અને જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સના ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનો શુભારંભ ઉપસ્થિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મેજર ધ્યાનચંદજીના ભારતીય રમતગમત ક્ષેત્રમાં આપેલા યોગદાનને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી અને ખેલાડીઓને દેશ માટે ગૌરવ લાવવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. આ દરમિયાન, નાના-મોટા તમામ વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લઈ આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનો તરીકે અતુલભાઈ કાનાણી, મુકુંદભાઈ મહેતા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, દીપકભાઈ વઘાસિયા, પૂનમબેન ફુમકિયા અને ચતુરભાઈ ગોંડલિયા ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્ય માહિતી આયોગના સેક્રેટરીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ, જિલ્લાના અધિકારીઓ હાજર રહ્યા

અમરેલી,તા.૩૧



ગુજરાત રાજ્ય માહિતી આયોગના સેક્રેટરી જયદીપ દ્વિવેદીના અધ્યક્ષ સ્થાને વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. આરટીઆઈ એક્ટ સંદર્ભે ગાંધીનગર ખાતેથી વર્ચ્યુઅલી માર્ગદર્શન કરતા જયદીપ દ્વિવેદીએ અમરેલી સહિત રાજ્યભરના જિલ્લાઓમાંથી જોડાયેલા અધિકારીઓને વિવિધ જાહેર સત્તા મંડળ દ્વારા આરટીઆઈ એક્ટ અંતર્ગત થતી કામગીરીના આંકડા ગુજરાત માહિતી આયોગના પોર્ટલ પર અપલોડ કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત તેમણે ખાસ ગ્રામીણ કક્ષાના કે શાળા સ્તરના આરટીઆઈ એક્ટ હેઠળની અરજીઓના આંકડાઓ બાકી ના રહે તે માટે જરુરી તકેદારી લેવા અને ગુજરાત માહિતી આયોગના પોર્ટલ પર પણ અપલોડ કરવા માટે દિશાનિર્દેશ આપ્યા હતા. તેમણે કહ્યુ કે, ગુજરાત માહિતી આયોગનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવાનો હોય છે, ત્યારે ચોકસાઈપૂર્વકના આંકડા મળે તે જરુરી છે અને તે દરેક સત્તામંડળની જવાબદારી છે.

# સાવરકુંડલામાં નાના ભૂલકાઓ દ્વારા ગણેશ મહોત્સવની ઉજવણી

સાવરકુંડલા,તા.૩૧



અત્યારે દેશ-વિદેશમાં ભારતીયો દ્વારા ગણેશોત્સવની ભાવભેર ઉજવણી થઈ રહી છે ત્યારે સાવરકુંડલામાં પણ કૃષ્ણપ્લોટ વિસ્તારમાં આવેલી શેરી નંબર ૬ ખાતે નાના ભૂલકાઓ (બાળ તારલાંઓ) દ્વારા આ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. અહીં બુધવારે સાંજે ગણપતિ બાપાની આગમન શોભાયાત્રા બાદ વિધિવત રીતે ગણેશજીનું સ્થાપન કરવામાં આવ્યું હતું અને દસ દિવસના ગણેશ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. અહીં વાઘેલા વિવેક, રાજ ટાંક, અક્ષ માળવી, કશ્યપ રાઠોડ, હેમાંગ માળવી, કૌશલ હીંગુ નામના ભૂલકાઓ ગણેશ બાળમંડળ બનાવી દર વર્ષે આ મહોત્સવ ઉજવે છે.

# બાબરાના કોટડા પીઠા ખાતે ૭૯મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં આચાર્ય મધુભાઈ બોરીચાનું બહુમાન

બાબરા,તા.૩૧



બાબરા તાલુકાના કોટડા પીઠા ખાતે ૭૯મા સ્વાતંત્ર્ય દિનની તાલુકા કક્ષાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ કોટડા પીઠા પ્લોટ પ્રાથમિક શાળાના આચાર્ય મધુભાઈ બોરીચાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં તાલુકાના પ્રતિભાશાળી શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્ય બોરીચાની બહુવિધ અને વિશિષ્ટ પ્રતિભાને ધ્યાનમાં રાખીને મામલતદાર કચેરી દ્વારા તેમને જિલ્લા પંચાયતના સભ્ય પી.ડી. કોઠીવાળના હસ્તે સન્માનપત્ર અને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નાયબ મામલતદાર માંજરીયા, સરપંચ સત્યજીતભાઈ, ઉપસરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો અને કન્યા પે સેન્ટર શાળાના આચાર્ય સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે 'એક પેડ મા કે નામ' કાર્યક્રમ અંતર્ગત વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવ્યું હતું.

# વડીયા તાલુકાના તોરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં નિદાન કેમ્પ યોજાયો

તોરી, તા.૩૧



તસવીર : વિનુભાઈ કોટડીયા

વડીયા તાલુકાના તોરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આરોગ્યલક્ષી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં તોરી ગામના ઉપસરપંચ પરેશભાઈ કોટડીયા, આશીષભાઈ, તાલુકા પંચાયતના સભ્ય ચંદુભાઈ, રવજીભાઈ સહિત આગેવાનોની હાજરીમાં દીપ પ્રાગટય કરી કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. આ કેમ્પમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓએ આ કેમ્પમાં તપાસ કરાવી લાભ લીધો હતો. આ કેમ્પમાં ડો. રાઠોડે દર્દીઓની તપાસ કરી હતી. આ કેમ્પને સફળ બનાવવા ચંદુભાઈ કોટડીયાએ જહેમત ઉઠાવી હતી.

# ધારીની દામાણી હાઈસ્કૂલ ખાતે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ કાર્યક્રમ યોજાયો

**અધિકારીઓ અને પદાધિકારીઓ હાજર રહ્યાં**

ધારી,તા.૩૧



ધારી જી.એન. દામાણી હાઈસ્કૂલ ખાતે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ નામના કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. ધારી પ્રાંત ઓફિસરના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમમાં ધારી મામલતદાર તેમજ વહીવટી તંત્રના તમામ અધિકારી, પદાધિકારી સહિતના લોકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ફીટ ઈન્ડિયા મૂવમેન્ટના કાર્યક્રમ અનુસાર આ કાર્યક્રમમાં હાજર રહેનાર લોકોએ જી.એન.દામાણી હાઈસ્કૂલ ખાતેથી લઈને મામલતદાર કચેરી સુધી સાયકલ યાત્રા કરી હતી. આ સાયકલ યાત્રામાં પ્રાંત અધિકારી, મામલતદાર, ટીડીઓ સહિતના અધિકારીઓ જોડાયા હતા.

# લાઠીના અલીઉદેપુર ગામે સોના-ચાંદીના ઘરેણાની ચોરી

લાઠી, તા.૩૧

લાઠીના અલીઉદેપુર ગામે રહેતા ભીમજીભાઈ ભગવાનભાઈ માલવીયા (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, અજાણ્યા ઈસમે તેમના ઘરમાં રૂમના દરવાજાનો નકુચો તોડી પ્રવેશ કર્યો હતો. તિજોરી ખોલી તેમાં રાખેલા રોકડા રૂ. ૨૨,૦૦૦, સોનાની વિંટી, ચાંદીનો કંદોરો મળી કુલ રૂ. ૩૦,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. લાઠી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.કે. પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના જુની હળીયાદ ગામે વૃદ્ધાને ગાળો બોલી ધમકી આપી

બગસરા, તા.૩૧

બગસરાના જુની હળીયાદ ગામે પ્રૌઢાને ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે ડાયબેન ગોવિંદભાઈ દાફડાએ યોગેશભાઈ બાલાભાઈ દાફડા, મુકેશભાઈ બાલાભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના દીકરાના દીકરાએ આરોપીના મોટાભાઈને ઈજા કરી હતી. જે અંગેનું મનદુઃખ રાખી તેમના ઘરે આવી ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી.

# મન મંદિર શૈક્ષણિક સંકુલ ધારી ખાતે રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી

**ધો.૧થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે વિવિધ રમતો યોજાઈ**

ધારી,તા.૩૧



મન મંદિર શૈક્ષણિક સંકુલ, ધારી, દ્વારા રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી નિમિત્તે ''મનમંદિર ખેલોત્સવ ૨૦૨૫''નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧ થી ૪ અને ૫ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે વોલીબોલ, રસ્સાખેંચ, સ્લો સાઈકલ, દોડ, કોથળા દોડ, લીંબુ-ચમચી જેવી વિવિધ રમતોનું આયોજન થયું હતું. આ કાર્યક્રમનું સંચાલન દેવમુરારી, હેમાલીબેન સોલંકી, કુંદનબેન રાજ્યગુરુ, જાનવીબેન અને રામ સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના પ્રિન્સિપાલ વ્યાસ પ્રિયંકાબેને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# કે. કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે કલ્ચરલ કમિટી દ્વારા ગણેશોત્સવ યોજાયો

અમરેલી,તા.૩૧



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ૨૮ ઓગસ્ટના રોજ ગણેશ સ્થાપન કરવામાં આવ્યું હતું. આ ગણેશ ઉત્સવ ત્રણ દિવસ ઉજવવામાં આવ્યો હતો. ૩૦ ઓગસ્ટના રોજ ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ગણેશ ઉત્સવનો સમગ્ર કાર્યક્રમ કોલેજ ખાતે કાર્યરત કલ્ચરલ કમિટીના કો-ઓર્ડીનેટર ડો. એ.કે. વાળા તથા સભ્ય ડો. એમ.એમ. પટેલ, ડો. એ.જી. પટેલ, પ્રા. જે.એમ. તળાવીયા, પ્રા. ડબલ્યુ.જી. વસાવા અને ડો. એ.બી. ગોરવાડિયા તથા વિદ્યાર્થી સભ્યો મીત આજુગીયા, આદર્શ શ્રીવાસ્તવ, કિશન વ્યાસ, હર્ષદ ચારોલા, દીશા પરમાર, રોશની જોગાણી, યશવી ખોયાણી, ઈશા માલવિયા, તન્વી ચૌહાણ તથા દિપાલી યાદવ દ્વારા કરવામાં આવ્યો હતો.

# ગાવડકા ગામે થાંભલા બનાવવાની ફેક્ટરીમાંથી ૯૦ હજારની ચોરી

**વેલ્ડિંગ પેટી, મોટર સહિતનો સામાન ઉઠાવી ગયા**

અમરેલી, તા.૩૧

અમરેલીના ગાવડકા ગામે આવેલી થાંભલા બનાવવાની ફેક્ટરીમાંથી ૯૦ હજારની ચોરી થઈ હતી. તસ્કરો વેલ્ડિંગ પેટી, પાણી છાંટવાની મોટર સહિતનો માલ-સામાન ચોરીને ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે અમરેલીમાં રહેતા નરેશકુમાર વ્રજલાલ સંઘરાજકા (ઉ.વ.૬૭) એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અમરેલી બગસરા હાઈવે રોડ ઉપર ગાવડકા ગામમાં ૬૬ KV પાછળ ક્રિષ્ના એન્જીનીયરીંગ કંપની નામની પી.જી.વી.સી.એલ. ના સિમેન્ટ કોન્ક્રિટના પોલ(થાંભલા) બનાવવાની ફેકટરીમાં પ્રવેશવાના બીજા દરવાજાનું તાળુ તોડી કોઈ અજાણ્યા ઈસમે પ્રવેશ કરી ફેકટરીમાંથી જુદી જુદી જગ્યાએથી વાઈબ્રેટર નંગ ૦૩, કનવેટર નંગ ૦૧, વેલ્ડિંગ પેટી નંગ-૦૨, ૧૧ બંડલ કોથળામાં પેક રીંગ, ઈલેક્ટ્રીક મોટર નંગ-૦૬, ઈલેક્ટ્રીક ટેન્શન ટાવરની મોટર નંગ ૦૧, દેડકો પાણીની મોટર નંગ- ૦૧, પાણી છાંટવાની મોટર નંગ- ૦૧ મળી અંદાજે રૂ.૯૦,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે. કે. પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.






## અવસાન નોંધ

**સાવરકુંડલા**

મુકુંદભાઈ હરગોવિંદદાસ ચંદારાણા તે તપનભાઈ ચંદારાણા, નિહારભાઈ ચંદારાણાના પિતાશ્રીનું તા. ૨૮/૮/૨૫ ને ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતની પ્રાર્થનાસભા તા.૧/૯/૨૫ ને સોમવારના રોજ સાંજે ૪:૩૦ થી ૫:૩૦ કલાકે લોહાણા બોર્ડિંગ મહુવા રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

ધર્મેન્દ્રસિંહ નવલસિંહ રાણા (ઉ.વ.૭૪) તે વિક્રમસિંહ રાણા, રવિન્દ્ર સિંહ રાણાના પિતાશ્રીનું તા.૨૮/૮/૨૫ ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતનું બેસણું તા.૧/૯/૨૫ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે "જય માતાજી" ગણેશ વાડી શેરી નંબર ૩, ગેસના ગોડાઉન પાછળ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સમજુબેન પરમાણંદભાઈ મહેતા (ઉ.વ.૮૫) તે નટવરલાલ મહેતા, ધર્મેન્દ્રકુમાર મહેતાના માતાશ્રીનું તા.૨૯/૮/૨૫ ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧/૯/૨૫ ને સોમવારના રોજ ૪ થી ૬ કલાકે રાજગોર બ્રાહ્મણ વિદ્યાર્થી ભવન દેવળા ગેટ સાવરકુંડલા ખાતે રાખેલ છે.







# સાવરકુંડલામાં સદ્ભાવના ગ્રુપના ગણેશ પંડાલમાં 'ઓપરેશન સિંદૂર'થીમનું ભવ્ય પ્રદર્શન

સાવરકુંડલા,તા.૩૧

સાવરકુંડલા શહેરમાં સદ્ભાવના ગ્રુપ દ્વારા આયોજિત ગણેશ પંડાલમાં આ વર્ષે 'ઓપરેશન સિંદૂર' થીમની અદભૂત રજૂઆત કરવામાં આવી છે. આ થીમમાં ધર્મ, ભક્તિ અને દેશભક્તિનો અનોખો સમન્વય જોવા મળે છે, જેણે હજારો શહેરીજનોનું ધ્યાન ખેંચ્યું છે. આ ભવ્ય આયોજનમાં




સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, અમરેલી કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, ડીડીઓ પરિમલ પંડ્યા અને એસ.પી. સંજય ખરાતે ગણપતિ બાપ્પાની વિધિવત્ આરતી ઉતારી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ આ અનોખી થીમની પ્રશંસા કરીને સદ્ભાવના ગ્રુપને અભિનંદન પાઠવ્યા હતા અને આ પ્રસંગે ગણેશ પંડાલના આયોજન માટે રૂ. ૧,૧૧,૦૦૦/- નું દાન જાહેર કર્યું હતું. એસ.પી. સંજય ખરાતે પણ આ થીમની સરાહના કરીને શહેરમાં શાંતિ અને સદ્ભાવના જાળવવાના પોતાના પ્રયાસોનો ઉલ્લેખ કર્યો હતો.

# મહેશભાઈ કસવાળાએ લીલીયાથી પુંજાપાદર સુધીના માર્ગ માટે નિરીક્ષણ કર્યું

લીલીયા મોટા,તા.૩૧

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ લીલીયા મોટાથી પુંજાપાદર સુધીના માર્ગનો વર્ષો જૂનો પ્રશ્ન હવે ઉકેલાવાની ખાતરી આપી હતી. શ્યામવાડીથી પુંજાપાદર સુધીના રસ્તાના નવીનીકરણ માટે તેમણે ઈરિગેશન અને પંચાયત વિભાગના અધિકારીઓ સાથે સ્થળ નિરીક્ષણ કર્યું હતું. આ પુલને પંચાયત હસ્તક



લઈ સરકારમાંથી વહેલી તકે જોબ નંબર મેળવી કામ શરૂ કરવાની ખાતરી આપવામાં આવી છે. આ ઉપરાંત, લીલીયા શહેરમાંથી પસાર થતી નાવલીના વરસાદી પાણીના નિકાલ માટે શ્યામવાડી સુધીનો મજબૂત રસ્તો બનાવવા પણ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આંબા, પુંજાપાદર અને ભેંસવડીને જોડતા માર્ગ પર બ્રિજ બનાવવા માટે પણ તપાસ કરવામાં આવી હતી. આંબા ગામમાં થયેલ ચોરીના બનાવમાં ભોગ બનનાર પરિવારની મુલાકાત લઈ ધારાસભ્યએ પોલીસ વિભાગને તાત્કાલિક આરોપીઓને પકડવા સૂચના આપી હતી. આ સમયે સ્થાનિક ભાજપના પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના વડેરામાં N.C.D. કેમ્પનું આયોજન કરાયુ




અમરેલી,તા.૩૧

અમરેલીના વડેરા ગામે આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાતે એન.સી.ડી. કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૩૦ વર્ષથી વધુ ઉંમરના ૬૭ લોકોએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં તાલુકા આરોગ્ય અધિકારી ડો. જાટ્ટ અને મેડિકલ ઓફિસર ડો. મીત મોદી અને ડો. કીર્તિ મણવર હાજર રહ્યાં હતા. ડોકટરોએ દર્દીઓની તપાસ કરી અને પ્રાથમિક સારવાર આપી હતી. આ કેમ્પમાં વડેરાના સ્થાનિક સ્ટાફ સપનાબેન રાણવા, કિરણબેન દુધાત, ડી.જી. રાજ્યગુરૂ, બીલકીસબેન ભટ્ટી અને કાજલબેન જાદવે જહેમત ઉઠાવી હતી.

# રાજુલામાં પ્રાકૃતિક અને ગાય આધારિત ખેતીને પ્રોત્સાહન આપવા 'આત્મા'પ્રોજેક્ટ દ્વારા ખેડૂત બેઠક યોજાઈ

રાજુલા,તા.૩૧

એગ્રીકલ્ચર ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) પ્રોજેક્ટ, અમરેલી દ્વારા રાજુલા માર્કેટ યાર્ડ ખાતે બ્લોક ફાર્મર એડવાઈઝરી કમિટી (BFAC)ની એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.આ બેઠક પ્રગતિશીલ ખેડૂત રમેશભાઈ વી. વસોયાના અધ્યક્ષસ્થાને



મળી હતી. જેમાં 'આત્મા' પ્રોજેક્ટના ડાયરેક્ટર એમ.ઝેડ. જીડ, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર ડી.એ. ચાવડા, બ્લોક ટેક્નોલોજી મેનેજર ડી.એમ. સાવલિયા, તાલુકા પ્રોજેક્ટ મેનેજર ભાવનાબેન સોલંકી અને આસિસ્ટન્ટ ટેક્નોલોજી મેનેજર શિવરાજભાઈ ધાખડા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને ગાય આધારિત ખેતી તરફ વાળવા માટે માર્ગદર્શન આપવાનો હતો. આ દરમિયાન, દરેક ગામમાં વધુ ખેડૂતો આ પદ્ધતિ અપનાવે તે માટે એક સુવ્યવસ્થિત આયોજન પણ કરવામાં આવ્યું હતું.

# નાના ગોખરવાળા ગામે ખેડૂતના ઘરમાં ખાતર પડ્યું

**રૂપિયા ૨૨ હજારની ચોરીથી ચકચાર**

અમરેલી, તા.૩૧

અમરેલીના નાના ગોખરવાળા ગામે ખેડૂતના ઘરમાં ચોરી થઈ હતી. રોકડા ૨૨,૦૦૦ની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે હિંમતભાઈ નનુભાઈ ટીંબડીયા (ઉ.વ.૫૫)એ અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, અજાણ્યો ચોર ઈસમ તેમના ઘરના રહેણાંક મકાનમાં નકુચો તોડીને પ્રવેશ્યો હતો. તે શેટી નીચે પડેલા રોકડા ૨૦૦૦૦ તથા તેની પત્નીના કબાટમાં રાખેલા રોકડા ૨૦૦૦ મળી કુલ ૨૨,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.ડી. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજકોટ શહેરમાંથી ચોરાયેલું મોટરસાયકલ લાખાપાદર ગામના સ્મશાન પાસે બિનવારસી મળ્યું

વડીયા,તા.૩૧

રાજકોટ શહેરમાંથી કોઠારીયા વિસ્તારના શિવમ સોસાયટીમાં રહેતા જબીઉલ્લાહ નિઝામીનું મોટરસાયકલ તા.૧૪/ના રોજ ગુમ થયેલ હતું. આ મોટરસાયકલ વડીયા તાલુકાના કુંકાવાવ આઉટપોસ્ટ વિસ્તારના લાખાપાદર ગામના સ્મશાન પાસેથી બિનવારસી મળી આવતા વડીયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ ગાંગણાની સૂચનાથી આ મોટરસાયકલના આરટીઆો રજીસ્ટ્રેશન નંબર GJ03AN1817 પરથી તેમના મૂળ માલિકની ખરાઈ કરી તેમને કુંકાવાવ ખાતે રૂબરૂ બોલાવી તેરા તુજ કો અર્પણ સૂત્રને સાર્થક કરી તેને પરત કરવામાં આવ્યુ છે. ત્યારે વડીયા પોલીસની કામગીરી બિરદાવી અને પોલીસનો આભાર માન્યો હતો.



# તું ઘરે કેમ મોટે મોટેથી બોલે છે કહી યુવકને ઢીકાપાટુ માર્યા

**બગસરાના બાલાપુર ગામનો બનાવ**

બગસરા, તા.૩૧

બગસરાના બાલાપુર ગામે રહેતા એક યુવકને તું કેમ ઘરે મોટે મોટેથી બોલે છે તેમ કહી ગાળો આપી ઢીકાપાટુ માર્યા હતા. બનાવ સંદર્ભે અભયભાઈ પ્રેમજીભાઈ મકવાણા (ઉ.વ.૨૦)એ મુકેશભાઈ ભીખાભાઈ દાફડા, દિનેશભાઈ ભીખાભાઈ દાફડા તથા રેખાબેન મુકેશભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપી મુકેશભાઈ તથા તેના પત્ની રેખાબેન તથા દિનેશભાઈ રહે.ત્રણેય બાલાપુર વાળા તેમના બાપુજીને તું કેમ ઘરે મોટે મોટેથી બોલે છે તેમ કહી ગાળો આપી ઢીકાપાટુનો માર મારતા હતા. જેથી તેઓ વચ્ચે પડતા મુકેશભાઈએ લાકડાનો એક ઘા મારી તેમને જમણા હાથે હાંસડીના ભાગે ફેકચર કર્યુ હતું. તેમજ બાપુજીને જાનથી મારી નાખવાની ધમકી આપી જેમફાવે તેમ ગાળો આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.કે. વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે બીમારીથી કંટાળી યુવકે ગળાફાંસો ખાધો

સાવરકુંડલા, તા.૩૧

સાવરકુંડલાના હાથસણી ગામે એક યુવકે બીમારીથી કંટાળી ગળાફાંસો ખાતા મરણ પામ્યો હતો. બનાવ અંગે રમેશભાઈ કરશનભાઈ પડસુંડા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, મહેશભાઈ કરશનભાઈ પડસુંડા (ઉ.વ.૩૪)એ બીમારીથી કંટાળી પોતાના ઘરે રૂમમાં જાતે દોરડા વડે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.એ. બગડા વધુ તપાસ કરી રહ્યા છે. લાઠીના મેથલી ધાર ગામ પાસે રહેતા વિશાલભાઈ અશોકભાઈ નાયક ઉંદર મારવાની દવા પી જતા મરણ પામ્યા હતા. બગસરામાં રહેતી એક સગીરાએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાતા મરણ પામી હોવાનું તેના પિતાએ પોલીસમાં જાહેર કર્યું હતું. સગીરાએ ગળાફાંસો ખાધો હોવાની ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. બગસરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.જી. મયા વધુ તપાસ કરી રહ્યા છે.

**બગસરામાં સગીરાએ ગળાફાંસો ખાતા ચકચાર**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ નોમ
તા. ૦૧-૦૯-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૫:૫૮,
સૂર્યાસ્ત-૦૬:૪૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ જ્યેષ્ઠા

## દૈનિક રાશિફળ

**તા.૦૧-૦૯-૨૦૨૫ — સોમવાર**

મેષઃ પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજન અંગે ચર્ચા થશે. કોઈ વિશેષ મહેમાન સાંજે આવી શકે છે. આજે તમારું મન પ્રસન્ન રહેશે.

વૃષભઃ આજનો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થઈ જશે. તમે પણ તમારી સિદ્ધિઓ જોઈ શકો છો.

મિથુનઃ ખરીદી અને વેચાણના મામલે લાભ થશે. આજે તમને દિવસ દરમિયાન સારા સમાચાર મળશે. મિત્રો સાથે રમૂજ વધશે.

કર્કઃ આજે પ્રયાસ બાદ તમને પરેશાનીઓમાંથી થોડી રાહત મળશે. તમને જણાવી દઇએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ મુક્તિ મળશે.

સિંહઃ આજે કોઈપણ નવા સંપર્કથી લાભ મળશે. આ ઉપરાંત ભૂતકાળના સંદર્ભમાં સંશોધનનો લાભ આજે મળી શકે છે. પરંતુ આ માટે તમારે પ્રયત્ન કરવો પડશે.

કન્યાઃ આજે ઉચ્ચ અધિકારીઓની નિકટતાનો લાભ મળવાની તક મળશે. આયાત-નિકાસના ધંધામાં પણ નફાનો યોગ છે. મુસાફરીનો યોગ બની રહ્યો છે.

તુલાઃ આજનો દિવસ બહેન અને ભાઈની ચિંતામાં વિતાવશો. કદાચ આજે તમે તેમની કારકિર્દી અથવા વ્યક્તિગત જીવનને સેટ કરવા માટે ટેન્શનમાં છો.

વૃશ્ચિકઃ આજે પરિવારમાં સારા સમાચાર મળશે. પરંતુ કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં આવતી સમસ્યાઓ તમારા પર ભારે ના થવા દો.

ધનઃ આજે ધંધાને લઈને ખાસ ચિંતિત રહેશો. જેનું કારણ એ છે કે છેલ્લાં ઘણાં દિવસોથી તમારો વ્યવસાય નિયમિત રહ્યો નથી.

મકરઃ આજે તમારે કોઈ વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. પરંતુ તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. તમારું કાર્ય ઉત્સાહથી પૂર્ણ કરો.

કુંભઃ આજે કોઈ કારણોસર ચિંતિત અને પરેશાન રહેશો. કેટલીક સમસ્યાઓ વાસ્તવિક હશે. તમે ફક્ત તમારી હિંમત અને બુદ્ધિથી આ લોકોને હરાવી શકો છો.

મીનઃ આજે અભ્યાસ અને અધ્યાત્મમાં રુચિ વધવાની સંભાવના છે. વિવાદપૂર્ણ બાબતોનો અંત આવશે. આજે કોઈને ઉધાર આપવાનું ટાળો.

# સાવરકુંડલામાં રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી: 'ફિટનેસ કા ડોઝ આધા ઘંટા રોજ' સૂત્ર સાથે સાયકલ રેલી

સાવરકુંડલા,તા.૩૧

રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણીના ભાગરૂપે સાવરકુંડલા ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને તાલુકા વહીવટી તંત્ર દ્વારા એક ભવ્ય સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ફિટનેસ કા ડોઝ... આધા ઘંટા રોજ...' ના સૂત્ર સાથે યોજાયેલી આ રેલીનો મુખ્ય હેતુ લોકોમાં



સ્વાસ્થ્ય અને ફિટનેસ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો હતો. સાયકલ રેલીની શરૂઆત સવારે ૭:૩૦ કલાકે મામલતદાર કચેરીથી થઈ હતી અને તે શહેરના મુખ્ય વિસ્તારોમાંથી પસાર થઈને ફરી મામલતદાર કચેરી ખાતે પૂર્ણ થઈ હતી. આ રેલીમાં સાવરકુંડલા વહીવટી તંત્રના તમામ અધિકારીઓ, શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ વિશાળ હાજરીએ 'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ'ના સંદેશને વધુ મજબૂત બનાવ્યો. રેલીના સમાપન બાદ સૌ ઉપસ્થિત લોકોએ સાથે મળીને રાષ્ટ્રગાન કર્યું અને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

# બાબાપુર સર્વોદય સરસ્વતી મંદિર ખાતેથી સગીરાનું અપહરણ

અમરેલી, તા.૩૧

બાબાપુર સર્વોદય સરસ્વતી મંદિર ખાતેથી સગીરાનું અપહરણ કરવામાં આવ્યું હતું. બનાવ અંગે સગીરાના પિતાએ સાવરકુંડલામાં રાધેશ્યામ સોસાયટી સામે રહેતા ફાલુ નરેશભાઈ બગડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેની સગીર દીકરીને લલચાવી ફોસલાવી, લગ્નની લાલચ આપી, ગંદુ કામ કરવાના ઈરાદે બાબાપુર સર્વોદય સરસ્વતી મંદિર ખાતેથી અપહરણ કરીને લઈ ગયો હતો.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ ઓ.કે. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

**સાવરકુંડલાના યુવક સામે ફરિયાદ**

# લુણીધાર ગામે પરિણીતાને ઘરકામ બાબતે સાસરિયાએ ઢીકાપાટુ માર્યા

**અમરેલીમાં બાળક ન થતાં પતિએ પત્નીને મેણાટોણા માર્યા**

અમરેલી, તા.૩૧

અમરેલી જિલ્લામાં બે પરિણીતાએ તેમના સાસરિયા સામે ફરિયાદ નોંધાવી હતી. હાલ સાજીયાવદર ગામે રહેતી વિલાસબેન કમલેશભાઈ ચાવડા (ઉ.વ.૩૩)એ હાલ હૈદરાબાદમાં રહેતા મૂળ લુણીધાર ગામના પતિ કમલેશભાઈ અરવિંદભાઈ ચાવડા, સાસુ મંજુબેન અરવિંદભાઈ ચાવડા, સસરા અરવિંદભાઈ રામજીભાઈ ચાવડા, જેઠ રમેશભાઈ અરવિંદભાઈ ચાવડા, જેઠાણી કાજલબેન રમેશભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ લુણીધાર મુકામે તેમજ હૈદરાબાદ મુકામે ઘરકામ બાબતે તેમજ કરિયાવર બાબતે અવારનવાર મેણાટોણા મારી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપ્યો હતો. તેમજ ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. અમરેલીમાં રહેતી વૈશાલીબેન ચિંતનભાઈ જોશી (ઉ.વ.૩૭) એ પતિ ચિંતનભાઈ ચંદ્રકાંતભાઈ જોશી સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, પતિ તેમને ઘરકામ તેમજ બાળક થતું ન હોવાથી અવારનવાર મેણાટોણા મારતા હતા. તેમજ દુઃખ ત્રાસ આપી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. બંને કેસની વધુ તપાસ અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર. પટોળીયા કરી રહ્યા છે.

# ધારગણી ગામે યુવક પાસે વ્યાજના રૂપિયા માગી જાનથી મારી નાખવાની ધમકી આપી

**વ્યાજના પૈસા ચૂકવી દીધા છતાં આરોપીઓએ વ્યાજનું વ્યાજ ગણી ઉઘરાણી કરી**

ચલાલા, તા.૩૧

ધારગણી ગામે રહેતા એક યુવકે વ્યાજે પૈસા લીધા હતા. જેનું વ્યાજ ચૂકવી ન શકતાં ઈસમોએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે રવીભાઈ ભૂપતભાઈ મોલાડીયા (ઉ.વ.૨૩)એ ધારીના ખંભાળીયા ગામના મહેશભાઈ બોરીચા તથા જયવીરભાઈ હકુભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીઓએ ૧૭ ટકાના વ્યાજે કટકે કટકે રૂ.૨,૫૦,૦૦૦ આપ્યા હતા. જેના વ્યાજ પેટે તેમણે આરોપીઓને રૂ.૫,૭૦,૦૦૦ કટકે કટકે ચૂકવ્યા હતા. છતાં આરોપીઓએ વ્યાજનું વ્યાજ ગણી તેમને હજી તારે અમોને વ્યાજના રૂ.૧,૯૦,૦૦૦ આપવાના બાકી છે તે રૂપિયા આપવા પડશે. જો તું અમોને અમારા વ્યાજના રૂ.૧,૯૦,૦૦૦ નહીં આપે તો તારે તારી જમીન અમોને લખી દેવી પડશે નહીંતર અમો તને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી.

ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ માધવજીભાઈ લક્ષ્મણભાઈ ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# ભારત - ગ્લોબલ સાઉથનો મજબૂત અવાજ

વિશ્વને ઉત્તર અને દક્ષિણમાં વહેંચવાની કલ્પના સંસ્થાનવાદનું પરિણામ છે. વિકસિત દેશો ઉત્તરનો ચહેરો છે, જ્યારે વિકાસશીલ દેશો ગ્લોબલ સાઉથ તરીકે ઓળખાય છે. આ સાઉથમાં વિશ્વની ૮૫ ટકા વસ્તી, વૈશ્વિક GDPનો લગભગ ૪૦ ટકા અને વેપારનો ૪૦ ટકા કરતા વધુ હિસ્સો છે. છતાંય આ દેશો દાયકાઓથી અસમાનતાનો ભોગ બન્યા છે. આજની નવી ભૂ-રાજકીય પરિસ્થિતિમાં ભારતનો ઉદય ગ્લોબલ સાઉથ માટે આશાનો નવો અવાજ બની રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તાજેતરની વિદેશ મુલાકાતે આ અવાજને વધુ પ્રબળતા આપી છે.

BRICS અને ભારતની આગેવાની હવે એક નવો ઈતિહાસ રચે છે. BRICS સંગઠન હવે માત્ર આર્થિક મંચ નથી, પરંતુ વૈશ્વિક ક્રમને સંતુલિત કરનાર શક્તિ બની ગયું છે. ૨૦૦૬માં બનેલું BRIC, દક્ષિણ આફ્રિકાના જોડાણ પછી BRICS બન્યું અને આજે તે વિશ્વની ૪૫ ટકા વસ્તી અને ૩૭ ટકા વૈશ્વિક GDPનું પ્રતિનિધિત્વ કરે છે. આ આંકડા યુરોપિયન યુનિયન અને G૭ કરતાં ઘણાં ઊંચા છે. ઈરાન, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતના જોડાણ પછી BRICS હવે વૈશ્વિક ક્રૂડ ઓઈલ ઉત્પાદનમાં ૪૪ ટકા હિસ્સો ધરાવે છે. ૨૦૨૬માં ભારત BRICSની અધ્યક્ષતા સંભાળશે, જે ભારતની વધી રહેલી અસરશીલતા દર્શાવે છે. આ મંચ પર પ્રધાનમંત્રી મોદીએ સ્પષ્ટ કર્યું કે ગ્લોબલ સાઉથને હંમેશાં દ્વિધારી ધોરણો, અસમાન સંસાધન વિતરણ અને પ્રતીકાત્મક સહાય સિવાય બીજું કશું મળ્યું નથી. નવો માર્ગ અને સુધારાની માંગ ભારત તરફથી કરવામાં આવી રહી છે અને વિશ્વના બીજા દેશોએ તેને ટેકો આપ્યો છે. આ સમિટ દરમિયાન મોદીએ બ્રિક્સ માટે ન્યૂ ડેવલપમેન્ટ બેંકને ફક્ત વિશ્વસનીય અને લાંબા ગાળાના ફાયદાકારક પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવા પર ભાર મૂક્યો. સાથે જ સંયુક્ત સંશોધન કેન્દ્ર રચવાની જરૂરિયાત વ્યક્ત કરી, જેથી બધા દેશો સાથે મળીને નવા વિચારો પર કામ કરી શકે. મહત્વપૂર્ણ ખનિજો અને ટેકનોલોજીમાં સહયોગ વધારતી વખતે પુરવઠા સાંકળ સુરક્ષિત રહે તે અનિવાર્ય છે અને તેનો ઉપયોગ કોઈ દેશ પોતાના ફાયદા માટે હથિયાર રૂપે ન કરે તે જરૂરી છે. ડિજિટલ માહિતીની સાચી ઓળખ અને તેનો દુરુપયોગ રોકવા માટે પણ વૈશ્વિક સિસ્ટમ વિકસાવવાની માંગ ઉઠાવવામાં આવી છે. ખાસ વાત એ હતી કે પ્રથમ વખત BRICSના એજન્ડામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ગવર્નન્સને સ્થાન મળ્યું, જે ટેકનોલોજીના જવાબદારીપૂર્વકના ઉપયોગ તરફ એક મોટું પગલું છે.


પર્યાવરણ અને ટકાઉ વિકાસનો સંદેશ પણ ભારતે આપ્યો છે. વિશ્વમાં પર્યાવરણ પ્રત્યે ભારતનો અભિગમ અલગ ઓળખ પામે છે. ભારતીય સંસ્કૃતિ પૃથ્વીને માતા માને છે અને આ વિચારસરણીથી પ્રેરિત થઈ ભારતે લાઈફ સ્ટાઈલ ફોર એન્વાયર્નમેન્ટ, ઈન્ટરનેશનલ સૌર એલાયન્સ, ગ્રીન હાઈડ્રોજન મિશન અને ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ જેવી પહેલ શરૂ કરી છે. ભારત પેરિસ કરાર હેઠળની પ્રતિબદ્ધતાઓ પૂરી કરનાર પ્રથમ દેશ છે. COP-૩૦માં મોદીએ સ્પષ્ટ કર્યું કે પર્યાવરણલક્ષી વિકાસ માટે ભારત પોતાની જીવનશૈલી, વર્તન અને વિચારસરણીમાં પરિવર્તન લાવી રહ્યું છે. BRICS ઘોષણા પત્રમાં પણ વિકાસશીલ દેશો માટે આબોહવા નાણાકીય સહાયને સુલભ, સસ્તી અને સમયસર બનાવવાનો ઉમદા અભિગમ વ્યક્ત કરવામાં આવ્યો છે.

આજના સમયમાં ભારત માત્ર પોતાની પ્રગતિની ગાથા લખી રહ્યું નથી, પરંતુ ગ્લોબલ સાઉથ માટે એક મજબૂત અવાજ બની ગયું છે. આ અવાજ અસમાનતા સામે લડતો, ન્યાયપૂર્ણ વૈશ્વિક ક્રમની માંગ કરતો અને ટકાઉ વિકાસનો માર્ગ બતાવતો અવાજ છે. ભારતનો ઉદય સાબિત કરી રહ્યો છે કે ગ્લોબલ સાઉથ હવે માત્ર સંખ્યામાં મોટું નથી, પરંતુ વૈશ્વિક રાજકીય અને આર્થિક શક્તિનું નવું કેન્દ્ર બની રહ્યું છે.

# માર્ગ અકસ્માતના કારણો અને તેને નિવારવાના ઉપાય

પ્રાસંગિક
સુરેશ પટેલ






આજના સમયમાં માર્ગ અકસ્માત એક મોટી સામાજિક સમસ્યા બની ગયો છે. વાહનોની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે. એક તરફ વાહન સુવિધા આપણું જીવન આરામદાયક અને ઝડપી બનાવી રહી છે, પરંતુ બીજી તરફ તેનો ગેરજવાબદાર ઉપયોગ માર્ગ અકસ્માતોના આંકડા ચોંકાવનારા બનાવી રહ્યો છે. માર્ગ અકસ્માત માત્ર એક વ્યક્તિ માટે નહીં, પરંતુ આખા સમાજ માટે નુકસાનકારક સાબિત થાય છે. તે માનવીય જીવનને જોખમમાં મૂકે છે, પરિવારને આર્થિક તથા માનસિક આઘાત આપે છે અને રાષ્ટ્ર માટે ઉત્પાદન ક્ષમતામાં ઘટાડો લાવે છે. આથી, તેના કારણો સમજવા અને નિવારવાના ઉપાય અપનાવવાની અત્યંત જરૂર છે.

ભારતમાં દર વર્ષે લાખો લોકો માર્ગ અકસ્માતમાં જાન ગુમાવે છે અથવા ઘાયલ થાય છે. માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયના રિપોર્ટ મુજબ ૨૦૨૩માં દેશમાં ૪.૮ લાખથી વધુ માર્ગ અકસ્માતો નોંધાયા. આ અકસ્માતોમાંથી આશરે ૧.૭૨ લાખ લોકોનાં મોત થયા અને ૪.૬ લાખથી વધુ લોકો ઘાયલ થયા. સરેરાશ દર કલાકે ૫૫ દુર્ઘટના અને ૨૦ મોત થયાં. આ આંકડા દર્શાવે છે કે પરિસ્થિતિ કેટલી ગંભીર છે. ખાસ કરીને ૧૮ થી ૪૫ વર્ષની ઉંમરના લોકોમાં સૌથી વધુ મૃત્યુ થયાં, જે કામકાજની ઉંમર ધરાવતા વર્ગ માટે મોટું જોખમ છે. રાજ્યવાર જોવામાં આવે તો તામિલનાડુમાં સૌથી વધુ અકસ્માતોની નોંધ થઈ છે, જ્યારે ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ જાનહાનિ થઈ છે. આંકડા એ પણ જણાવે છે કે રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસ-વે પર અકસ્માતોની સંખ્યા અને મૃત્યુ બંને સૌથી વધુ છે.

અકસ્માતોના મુખ્ય કારણોમાં અતિશય ઝડપ પ્રથમ સ્થાને આવે છે. ઘણા લોકો ઉતાવળમાં કે સાહસ દેખાડવા માટે વાહનને મર્યાદાથી વધુ ઝડપે ચલાવે છે. ઝડપ વધતા વાહન નિયંત્રણ બહાર થઈ જાય છે, બ્રેક સમયસર નથી લાગતી અને અથડામણ થવાની શક્યતા વધી જાય છે. રિપોર્ટ મુજબ ઝડપી ગતિના કારણે જ લગભગ ૬૮ ટકા મોત થયાં છે. બીજા મહત્વના કારણ તરીકે નશાની હાલતમાં ડ્રાઈવિંગનો ઉલ્લેખ થાય છે. દારૂ કે અન્ય નશીલા પદાર્થોના પ્રભાવ હેઠળ વાહન ચલાવવાથી ડ્રાઈવરનું ધ્યાન ઘટે છે, નિર્ણય લેવાની ક્ષમતા ઓછી થાય છે અને ગંભીર દુર્ઘટના બને છે.

ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન પણ ઘણી જાનહાનિનું કારણ બને છે. સિગ્નલ તોડવા, ખોટી દિશામાં વાહન હંકાવવું, સીટબેલ્ટ કે હેલ્મેટનો ઉપયોગ ન કરવો – આ નાની લાગતી ભૂલો પણ જીવલેણ સાબિત થઈ શકે છે. આજકાલ મોબાઈલનો વધતો ઉપયોગ પણ જોખમ વધારતું પરિબળ છે. ડ્રાઈવિંગ દરમ્યાન ફોન પર વાત કરવાથી કે મેસેજ કરતા ધ્યાન રસ્તાથી ખસી જાય છે, જેના કારણે એક પળની ભૂલ જીવ માટે ખતરનાક બની જાય છે.

સડક વ્યવસ્થાની ખામીઓ પણ અકસ્માતમાં મોટો ફાળો આપે છે. રસ્તામાં ખાડા હોવા, પૂરતી લાઈટિંગ ન હોવી, સ્પીડ બ્રેકર અથવા સાઈનબોર્ડનો અભાવ – આ બધું ડ્રાઈવર માટે જોખમકારક બને છે. સાથે જ વાહનની યોગ્ય મરામત ન કરવી, જેમ કે બ્રેકમાં ખામી, ટાયર ફાટવું કે લાઈટ ન થવી – આ કારણે પણ અકસ્માત થાય છે. રાહદારીઓની બેદરકારી પણ ઘણી વખત દુર્ઘટનાનું કારણ બને છે. ટ્રાફિક નિયમોનું જ્ઞાન ન હોવું, રસ્તો ક્રોસ કરતી વખતે સાવચેતી ન રાખવી અથવા વાહનોની વચ્ચે દોડીને પસાર થવું – આવી આદતો જીવલેણ સાબિત થાય છે.

હવે પ્રશ્ન થાય છે કે આ દુર્ઘટનાઓ અટકાવવા માટે શું કરી શકાય? સૌ પ્રથમ તો ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃતિ ખૂબ જરૂરી છે. લોકોને સમજાવવું પડશે કે નિયમોનું પાલન કરવું આપણા જીવન માટે જરૂરી છે. શાળા અને કોલેજ સ્તરે માર્ગ સલામતી અંગે શિક્ષણ આપવાથી નાની ઉંમરે જ આ સંસ્કાર વિકસાવી શકાય છે. બીજું મહત્વનું પગલું છે કડક કાયદાકીય કાર્યવાહી. દારૂ પીધેલા ડ્રાઈવર પર તરત જ સજા, હેલ્મેટ અને સીટબેલ્ટ ફરજિયાત બનાવવા, તેમજ ઓવરસ્પીડિંગ પર કડક દંડ લગાવવો – આથી લોકો નિયમોનું પાલન કરવા પ્રેરાય છે.

માર્ગ વ્યવસ્થામાં સુધારો કરવો એટલો જ જરૂરી છે. રસ્તાઓ પર યોગ્ય લાઈટિંગ, ખાડા પુરવા, સ્પષ્ટ સાઈનબોર્ડ લગાવવું, સ્પીડ બ્રેકર અને ઝેબ્રા ક્રોસિંગની સુવિધા આપવી – આ બધું અકસ્માત ઘટાડવામાં મદદરૂપ થાય છે. ટેકનોલોજીનો ઉપયોગ પણ અસરકારક બની શકે છે. CCTV કેમેરા, સ્પીડ ગન અને ઓટોમેટિક ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમથી નિયમ તોડનારાઓ પર નજર રાખી શકાય છે.


વાહનની નિયમિત ચકાસણી કરવી એ દરેક ડ્રાઈવરની જવાબદારી છે. જો વાહન યોગ્ય સ્થિતિમાં નહીં હોય તો અકસ્માત ટાળવો મુશ્કેલ બને છે. બ્રેક, ટાયર, લાઈટ તથા એન્જિન સમયસર ચકાસવું ખૂબ જરૂરી છે. ડ્રાઈવરે થાકેલી હાલતમાં વાહન ન ચલાવવું જોઈએ, કારણ કે ઊંઘ આવવાથી એક ક્ષણમાં જ અકસ્માત થઈ શકે છે.

અકસ્માત પછી તરત સારવાર મળે તો ઘણી જાનહાનિ અટકાવી શકાય છે. આ માટે રસ્તાઓ પર ઝડપી એમ્બ્યુલન્સ સેવા, પોલીસ સ્ટેશનો અને ટોલ નાકા પર ફર્સ્ટ એડ કિટ ઉપલબ્ધ કરાવવી જોઈએ. પ્રથમ મદદ જીવન બચાવવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે.


સારાંશમાં કહી શકાય કે માર્ગ અકસ્માત માનવીની બેદરકારી, નિયમોના ઉલ્લંઘન અને તંત્રની ખામીઓનું પરિણામ છે. તેને માત્ર કિસ્મતની ઘટના માનવી યોગ્ય નથી. દરેક નાગરિકે જવાબદારીપૂર્વક વાહન ચલાવવું જોઈએ, સરકારે કડક કાયદા બનાવીને અમલ કરાવવો જોઈએ અને સમાજે જાગૃતિ લાવવી જોઈએ. સલામત ડ્રાઈવિંગ માત્ર આપણા જીવનનું જ નહીં, પરંતુ અન્ય અનેક જીવનનું રક્ષણ પણ કરે છે. જો આપણે સૌ મળીને માર્ગ સલામતી માટે પ્રયત્ન કરીએ તો ચોક્કસ રીતે દુર્ઘટનાઓની સંખ્યા ઘટાડી શકીએ છીએ.

# હેપી ટુ હેલ્પ : માનવતાની સાચી ઓળખ મદદની મજા - ખેરાતની ખુશી !

## યોગી થવું સારું કે ઉપયોગી થવું સારું?




મનન ચિંતન
ભરત બાવીશી



આજના ઝડપી જીવનમાં દરેક વ્યક્તિ પોતાની જવાબદારીઓમાં વ્યસ્ત છે. છતાંય, જ્યારે કોઈ વ્યક્તિ બીજાને મદદ માટે આગળ આવે છે, ત્યારે તે માત્ર એક માનવીય ફરજ પૂરી નથી કરતો, પરંતુ માનવતાની સાચી ઓળખ પણ આપે છે. "હેપી ટુ હેલ્પ" શબ્દમાળાની પાછળ એક ઊંડો સંદેશો છે – બીજાને મદદ કરવા માટે હંમેશાં તૈયાર રહેવું અને તેમાં ખુશી અનુભવવી.મદદની મનમાં અનેરી મજા આવતી હોય છે. ખેરાત કરવાથી ખુશી વધે છે. સમાજમાં સહાનુભૂતિ અને કરુણા એ સદીઓથી માનવીય જીવનના મુખ્ય આધારસ્તંભ રહ્યા છે. નાની નાની મદદ – જેમ કે વૃદ્ધને રસ્તો પાર કરાવી આપવો, અજાણ્યા વ્યક્તિને યોગ્ય માર્ગ બતાવવો કે જરૂરિયાતમંદને સહારો આપવો, તરસ્યાને પાણી પાવું, ભૂખ્યાને ભોજન કરાવવું, અભ્યાગતને આશરો આપવો, યાત્રિકોને ઉતારો આપવો, અબોલ જીવો માટે ખોરાક પાણીની વ્યવસ્થા કરવી, બાળકોને વ્હાલ આપવું, વિદ્યાર્થીઓને શીખવવું, શિષ્યને જ્ઞાન આપવું, વડીલોને માન આપવું, યુવાઓમાં ઉત્સાહ ભરવો, પરિવારને પ્રેમ આપવો, કોઈને રોજગારી આપવી, વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન આપવું, ગરીબ વિદ્યાર્થીઓ માટે ફી ની વ્યવસ્થા કરી આપવી અને મફત પાઠ્યપુસ્તક આપવા, નિરાધારનો આધાર બનવું, અકસ્માત વખતે ૧૦૮ બોલાવી આપવી, દર્દીને દવાખાને પહોંચાડવા, વ્યાજબી ભાવે દવા આપવી, નિઃશુલ્ક નિદાન કેમ્પ કરાવવા, રક્તદાન કરવું, અંગદાન કરવું, ગરીબ બાળકોને વાર તહેવારે મીઠાઈ અને કપડાં વિતરણ, શિયાળાની ઠંડીમાં ધાબળા વિતરણ, સિવિલ હોસ્પિટલમાં ફ્રૂટ વિતરણ, ગામડાઓમાં ટિફિન સેવા, કુદરતી આફતોના સમયમાં રાશન કીટ, ફૂડ પેકેટ વિતરણ, રાહત દરે ચોપડા વિતરણ વગેરે અનેક પ્રકારે લોકોને વ્યક્તિગત રીતે અથવા તો સેવાભાવી સંસ્થાઓના માધ્યમથી સામૂહિક રીતે મદદ કરી શકાય છે. આ ઉપરાંત કોઈના વ્યક્તિગત પ્રસંગમાં કે સામૂહિક, સામાજિક - ધાર્મિક ઉત્સવોમાં તન, મન અને ધનથી સેવારૂપી મદદ કરી શકાય છે. તમારામાં કોઈ સ્કીલ હોય તો તેનો લાભ આપીને વ્યક્તિગત રીતે કે સામાજિક રીતે બહોળા જન સમુદાયને મદદરૂપ થઈ શકાય. કોઈને સારા વિચારોથી પ્રેરણા આપી શકાય, વ્યક્તિગત રીતે કોઈને કૈંક બોલવાનું લખી આપીને કે લખવાનું બોલી આપીને પણ મદદ કરી શકાય છે. નિષ્ફળતાથી નાસીપાસ થયેલાને હિંમત આપીને અને દુઃખની ઘડીમાં કોઈની પડખે અડીખમ ઊભા રહીને તેને મોરલ સપોર્ટ રૂપી મદદ કરી શકાય છે. આ બધું જ જીવનમાં સકારાત્મકતાનો પ્રવાહ જગાવે છે. ઘણીવાર નાની લાગતી આ મદદ કોઈના જીવનમાં મોટો ફેરફાર લાવી શકે છે. વિજ્ઞાન પણ આ વાતને સમર્થન આપે છે કે મદદ કરવાની ભાવનાથી માનવીના મનમાં સંતોષ, આનંદ અને શાંતિનો અનુભવ થાય છે. મદદ કરતી વખતે મગજમાં 'હેપ્પીનેસ હોર્મોન્સ' સક્રિય થાય છે, જેના કારણે માનસિક તાણ ઘટે છે અને જીવનમાં આનંદનું સ્તર વધે છે. "હેપી ટુ હેલ્પ" નો અભિગમ સમાજને વધુ સ્નેહી અને સંવેદનશીલ બનાવે છે.

જો દરેક વ્યક્તિ આ વિચારને જીવનમાં ઉતારે, તો સમાજમાં એકતા, વિશ્વાસ અને પરસ્પર સહયોગનો માહોલ વિકસે. આજે જ્યારે સ્વાર્થપ્રેરિત જીવનશૈલી વધી રહી છે, ત્યારે આ ભાવના વધુ જરૂરી બની ગઈ છે. અંતે કહી શકાય કે "હેપી ટુ હેલ્પ" એ માત્ર એક નારો નથી, પરંતુ જીવનની એવી મૂલ્યપ્રણાલી છે, જે આપણને બીજાના જીવનમાં પ્રકાશ પાથરવાની તક આપે છે અને સાથે જ પોતાના જીવનને વધુ સંતોષપૂર્ણ બનાવે છે. આમ કોઈને મદદ કરવાથી, શારીરિક અને માનસિક રીતે સકારાત્મક કાર્યમાં સક્રિય રહેવાથી મનમાં મોજ આવે છે, અંતરમાં ખુશી પ્રગટે છે, આનંદ ઉત્સાહ વધે છે, હૃદયમાં રાજીપો રણકે છે, એકબીજા પ્રત્યે સ્નેહ વધે છે, સામાજિક સમરસતા વિકસે છે, પરિણામે સુખી અને સંતોષી તેમજ સ્નેહાળ અને સ્વસ્થ સમાજનું નિર્માણ થાય છે. આમ 'હેપી ટુ હેલ્પ' થી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જળવાય છે. યોગી થવા કરતા ઉપયોગી થવું વધુ સહેલું છે.

"બીજાને મદદ કરવાથી પોતાનું જીવન વધુ અર્થપૂર્ણ બને છે."
"નાની મદદ પણ મોટા બદલાવનું બીજ વાવી શકે છે."

# ખેતીમાં કમાણી કરવી છે ? તો મળો જગદીશભાઈને







ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા



અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાનું વંડા ગામ ખાદી ક્ષેત્રે ખ્યાતિ પ્રાપ્ત હતું. અહીં ખેડૂતો પાસે જમીન પ્રમાણમાં મોટી હોવા છતાં ચોમાસામાં જ ખેતી થાય કારણ કે ઉંચા ટી.ડી.એસ. અને ખારા પાણીના હિસાબે જમીન બગડે એટલે યુવા પેઢી ગામમાં રહેવા કરતાં શહેરો તરફ રોજી-રોટી માટે સ્થળાંતર કરે છે પરિણામે ગામડાઓ ખાલી થતા જાય છે. અનેક કારણોમાં એક કારણ આ પણ છે.

વંડા ગામના ઓછું ભણતર પણ ગણતર અને મહેનત વધુ એવા યુવાન જગદીશભાઈ બાબુભાઈ તળાવીયા જેની ઉંમર માત્ર ૩૮ વર્ષની છે. પોતાની ૫૫ વિઘા જમીનમાં પ્રાકૃતિક બાગાયતી ખેતી કરી રહ્યા છે. અમરેલી જિલ્લાના યુવાનો અને ખેડૂતો માટે ખરા અર્થમાં આ પ્રગતિશીલ ખેડૂત ખારા જળમાં મીઠી વિરડી સમાન સફળ બન્યો છે. સાથે-સાથે ખેડૂતો માટે પ્રેરણાસ્ત્રોત પણ બન્યો છે.

જમીન બગડે નહિ અને ખેતીમાં ખર્ચ ઓછો થાય તે માટે પ્રાકૃતિક ખેતી અપનાવી જીવામૃત અને ગૌમૂત્ર અને ગાયના છાણમાંથી લિકવીડ પ્રાકૃતિક ફર્ટીલાઈઝર ડ્રીપ મારફતે આપવા માટે ૫૦-૫૦ હજાર લીટરના પાકા ટાંકા બનાવી સફળતાપૂર્વક પ્રાકૃતિક ખેતી કરે છે. ખેડૂતો રાસાયણિક ખાતરોની લાઈનમાં ઉભા રહે છે અને ખર્ચો કરે છે. તેવો ખર્ચ જગદિશભાઈ તળાવીયાને થતો નથી.

આજથી ૫ વર્ષ પહેલા ૨૫ વિઘા જમીનમાં લીંબુનું વાવેતર કરેલ. લગભગ ૨૦૦૦ થી વધારે લીંબુના છોડ આજે પરીપકવ બન્યા છે. ચાલુ વર્ષે લીંબુનું સરેરાશ રૂ.૨૦ થી રૂ.૧૭૦ સુધીના ભાવથી માર્કેટમાં વેચાણ કરેલ છે. અને રૂ.૧૨ લાખથી વધુની આવક થઈ છે. જેમ છોડ મોટા થશે તેમ ઉત્પાદન વધશે, લીંબુ ઉતારવા સિવાય કોઈ ખર્ચ આવતો નથી.

જયારે ૨૮ વિઘા જમીનમાં સરગવાનું વાવેતર કરેલ છે. સરગવામાં પણ રાસાયણિક ખાતરો કે ઝેરી દવાઓનો ઉપયોગ કરતા નથી. સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરે છે. ગત સિઝનમાં ૧૬થી ૧૭ લાખની સરગવાની શિંગોનું વેચાણ કરેલ છે. જયારે સરગવાના પાનનો ૪ હજાર કિલો પાવડર બનાવી કિલોના રૂ.૨૫૦ના ભાવથી વેચાણ કરેલ છે. જયારે સરગવાની શિંગોનો પણ ૪૦૦૦ કિલો જેટલો પાવડર બનાવી રૂ.૨૫૦ના ભાવથી વેચાણ કરેલ અને ૧૨૦૦ કિલો સરગવાનું બિયારણ તૈયાર કરીને વેચાણ કરેલ. આમ મજૂરી ખર્ચ સિવાય વિઘોટી લાખની પડે છે. જગદીશભાઈના ફાર્મની મુલાકાત લેવા જેવી છે. યુવા પેઢી અને યુવા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને બાગાયતી ખેતીની માહિતી આપે છે. ખરા અર્થમાં મળવા જેવા માણસ છે. જગદીશભાઈ તળાવીયાનો મો. ૯૧૦૬૮૩૮૯૭૦.

## :: તિખારો ::

વ્યક્તિ જેટલો મોબાઈલમાં ઓનલાઈન થતો જાય છે, એટલો જ સંસ્કાર અને સંસ્કૃતિ-પરિવાર સાથે નાતો ઓફલાઈન થતો જાય છે. મોટાભાગના ઝઘડાઓમાં મોબાઈલ જવાબદાર હોય છે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી

# અઠવાડિયાના ખેતી કાર્યો

## મગફળી ::

» મગફળીમાં કેલ્શિયમની ઉણપનાં કારણે પણ ડોડવા કાળા પડતા હોય છે તેના માટે બજારમાં મળતા કેલ્શિયમ, બોરોન અને ઝીન્કનું મિશ્રણ મળે છે. પંપમાં ૨૦ મિ.લિ. નાખી ૪૫ થી ૬૦ દિવસ વચ્ચે છંટકાવ કરવો.

» ફૂગ માટે મેટાલેકઝીલ+મેન્કોઝેબ અથવા કોપરઓકઝીકલોરાઈડ + મેટાલેકઝીલનું ડ્રેન્સિંગ કરવું.

» પ્લાસ્ટીક મલ્ચના ઉપયોગ વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ -

» ચોરસના બદલે ગોળ કાણાં કરવાથી પ્લાસ્ટીક ફાટતું નથી.

» આવરણથી ફકત ભેજનો સંગ્રહ થાય છે. પાકના પાણીની સંપૂર્ણ જરૂરિયાત પૂરી કરી શકાતી નથી.

» જમીનમાં ભેજ હોય ત્યારે આવરણ વધુ અસરકારક રહે છે.

» પ્લાસ્ટીકને યોગ્ય પકડ મળી રહે તે માટે તેની કિનારી ઉપર ૧૦-૧૫ સે.મી. માટીનો થર ચઢાવવો અથવા તેની ધાર જમીનમાં દબાવવી.

» પ્લાસ્ટીક થોડું ઢીલું રહે તેમ જમીન પર પાથરવું પરંતુ જમીન અને પડ વચ્ચે શકય તેટલી ઓછી હવા રહે તે ધ્યાનમાં રાખવું. આવરણ છોડના થડથી થોડું અંતર રાખવું.

| ક્રમ | ફિલ્મની જાડાઈ (માઈક્રોન) | પાકની ભલામણ |
|---|---|---|
| ૧ | ૧૫/૨૫ (મલ્ચનું આયુષ્ય : ૩-૪ માસ) | ટૂંકી મુદતનાં પાકો: રીંગણ, ટમેટા, બટેટા, ભીંડો, કાકડી, કેપ્સીકમ, વટાણા, સોયાબીન, કોબીજ, ફલાવર, મૂળા, બીટ, તરબૂચ, તુરીયા વગેરે |
| ૨ | ૫૦ | મધ્યમ મુદતનાં પાકો: પપૈયા, ગલગોટા, શેરડી, અનાનસ, અન્ય ફળ ફૂલ |
| ૩ | ૧૦૦ | લાંબી મુદતનાં પાકો: કેરી, નાળીયેરી, ચીકુ, જામફળ, દ્રાક્ષ, બોર, સફરજન, અન્ય વૃક્ષ પ્રકારનાં પાકો |

» સોયાબીનમાં આવતી મુખ્ય જીવાત

» હાલ ઝરમર વરસાદથી લશ્કરી ઈયળ/ સેમીલુપર આવવાની શક્યતા છે તેના નિયંત્રણ માટે -

» પ્રકાશ પિંજરનો ઉપયોગ કરવો.

» મોઝણી માટે ફેરોમન ટ્રેપ ૬ પ્રતિ હેક્ટર ગોઠવવા.

» કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા ક્વીનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. અથવા ક્લોરાન્ટ્રાનિલિપોલ ૨૦ એસસી ૩ મિ.લિ. અથવા ઈન્ડોક્ઝાકાર્બ ૧૫.૮ ઈસી ૫ મિ.લિ. અથવા એમામેકટીન બેન્ઝોએટ ૫ ડબલ્યુજી ૪ ગ્રામ પૈકી કોઈપણ એક દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

» ફૂગ : હાલના વાતાવરણમાં ફૂગ આવવાની શક્યતા છે તે માટે -







» વિવિધ પ્રકારની ફૂગ જેવી કે બ્યુવેરીયા બાઝિયાના, મેટારીઝીયમ એનીસોપ્લી, વર્ટીસીલીયમ લેકાની અને નોમુરીયા રિલે જીવાત નિયંત્રણ માટે અસરકારક માલૂમ પડેલ છે. આવી એન્ટોમોપેથોજેનીક ફૂગ કીટકના સંપર્કમાં આવતા તેના પર પરજીવીકરણ કરી તેમાં રોગ ઉત્પન્ન કરે છે. કીટકના શરીરની બહારની ત્વચા ભેદી ફૂગની કવકજાળ કીટકની દેહગુહામાં દાખલ થાય છે. તે ઉપરાંત આવી ફૂગ કેટલાક ખાસ પ્રકારના ઝેરી પદાર્થ પણ ઉત્પન્ન કરે છે. તેથી કીટક મૃત્યુ પામે છે. ફૂગની અસરકારક વૃદ્ધિ માટે નીચું તાપમાન તથા ભેજવાળું વાતાવરણ જરૂરી છે. આ ફૂગની અસરકારકતા પાન ઉપર નુકસાન કરતાં જમીનની અંદર રહેતા કીટકની ઉપર વધુ જોવા મળે છે. બ્યુવેરીયા તથા મેટારીઝીયમ ફૂગ બહુભોજી કીટનાશક હોવાથી ૧૦૦ થી વધુ પ્રકારના કીટકોના નિયંત્રણ ઉપયોગી જોવા મળેલ છે. મગફળીના પાકમાં ધૈણના નિયંત્રણ માટે મેટારીઝીયમએનીસોપ્લીના પરિણામો આશાસ્પદ જણાયેલ છે.

» ડુંગળી: કાંદાની ડુંગળીના પાકમાં મોગરાનું પ્રમાણ જોવા મળે એટલે તુરંત જ મોગરા ભાંગી નાખવા. મોગરાને કારણે કાંદાની ગુણવત્તા નબળી પડતી હોવાથી અવારનવાર નિયમિત મોગરા ભાંગતા રહેવું.

| નાઈટ્રોજનયુકત ખાતરો (નાઈટ્રોજન ટકામાં) ફિલ્મની જાડાઈ (માઈક્રોન) પાકની ભલામણ | |
|---|---|
| એમોનિયમ સ. | ૨૦.૬ |
| એમોનિયમ નાઈટ્રેટ | ૩૩.૦૬ |
| યુરિયા | ૪૬.૦ |
| કેલ્શિયમ એમોનિયમ નાઈટ્રેટ | ૨૬.૦ |
| ફોસ્ફરસયુક્ત ખાતરો (ફોસ્ફોરીક અમ્લ ટકામાં) | |
| સુપર ફોસ્ફેટ | સિંગલ ૧૬<br>ટ્રીપલ ૪૮ |
| ડોયકેલ્શિયમ ફોસ્ફેટ | ૩૨ |
| બેઝીક સ્લેગ | ૨૩-૩૦ |
| બોન મીલ(કાચુ) | ૨૦ |
| બોન મીલ(સ્ટીમ્ડ) | ૨૨ |
| પોટાશયુક્ત ખાતરો(પોટાશ ટકામાં) | |
| પોટેશિયમ કલોરાઈડ (મ્યુરેટ ઓફ | ૫૮-૬૦ |
| પોટેશિયમ સલ્ફેટ | ૫૮-૬૦ |

» પાક સંરક્ષણ : રોગ : જાંબલી ધાબાનો રોગ (પરપલ બ્લોગ):- આ રોગમાં પાન ઉપર જાંબલી રંગના ધાબા જોવા મળે છે અને આવા ધાબાની આજુબાજુનો ભાગ સફેદ થઈ જાય છે અને પાન સુકાઈ જાય છે. આ રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૭૫ વે.પા. અથવા કલોરોથેલોનીલ ૭૫ વે.પા. ૧૦ લિટર પાણીમાં ૨૭ ગ્રામ અથવા કાર્બેન્ડાએઝીમ ૫૦ વે.પા. ૧૦ લિટર પાણીમાં ૧૦ ગ્રામ દવા ભેળવી વારાફરતી ૨ થી ૩ છંટકાવ ૧૦-૧૦ દિવસના અંતરે કરવા.

» જીવાત : થ્રીપ્સ :- પુખ્ત કિટક પાનમાંથી રસ ચૂસી ઘસરકા પાડે છે. રસ ચૂસેલો ભાગ સફેદ થઈ કોકડાઈને સુકાઈ જાય છે. આ જીવાતના નિયંત્રણ માટે પ્રોફેનોફોસ ૪૦ ટકા + સાયપરમેથ્રીન ૪ ટકા ૧૦ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં અથવા ફીપ્રોનીલ ૫ ઈ.સી. અથવા કાર્બોસલ્ફાંન ૨૫ ઈ.સી. ૨૦ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી વારાફરતી ૮ થી ૧૦ દિવસના અંતરે છંટકાવ કરવા.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

## કઠોળના પાકોમાં મૂલ્યવર્ધક બનાવટો :

» કઠોળમાંથી સામાન્ય રીતે દાળ કે બેસન (લોટ) મેળવવામાં આવે છે. અમુક જાતના આખા કઠોળનો સીધો ઉપયોગ પણ કરાય છે. વળી આવા કઠોળને પાણીમાં ભીંજવી, સુકવી, તળી અને મરી-મસાલાયુક્ત નાસ્તાની આઈટમ તરીકે પણ ઉપયોગ કરી શકાય (મગ, ચણા, ચોળી વગેરે). જયારે ચણા જેવા કઠોળને શેકી મસાલા સાથે અથવા મસાલા વગર પણ સીધો જ ઉપયોગ કરાય છે. દાળ બનાવવા માટે જો આધુનિક પદ્ધતિઓ અને રીતોનો ઉપયોગ કરવામાં આવે તો દાળની રિકવરી તથા કવોલિટી સારી મળે છે.

## જુદા જુદા પાકોમાં મૂલ્યવૃદ્ધિ :

## તેલીબિયાંના પાકોમાં મૂલ્યવૃદ્ધિ

» મગફળી જેવા કિમંતી તેલીબિયાંમાંથી તેલ ઉપરાંત તેનું ગ્રેડિંગ કરી એચપીએસ દાણા તરીકે નિકાસ કરી શકાય અથવા તેમાંથી શેકેલ શીંગ, ખારીશીંગ કે તેને તળી મસાલાયુક્ત શીંગ બનાવી શકાય. તેલ કાઢ્યા બાદ નીકળતી કેક્માંથી પ્રોટીન છૂટું પાડી તેનું પણ વધારાનું મૂલ્ય મેળવી શકાય છે. તદઉપરાંત તેમાંથી દૂધ, માખણ, પનીર, દહીં તેમજ અન્ય દૂધયુક્ત બનાવટો પણ બનાવી શકાય છે. જેનો સીધી કે આડકતરી રીતે ચોકલેટ, બિસ્કીટ વગેરેની બનાવટમાં ઉપયોગ થાય છે. એ જ રીતે અન્ય ખાદ્ય તેલીબિયાંમાં પણ પ્રોટીન, વેજીટેબલ ઘી તેમજ અન્ય બનાવટો બનાવવામાં આવે છે. વળી એરંડા જેવા અખાદ્ય તેલીબિયાંમાંથી ઘણી જાતના રસાયણો મેળવવામાં આવે છે. જેની વધારાની કિંમત મેળવી શકાય છે.

## ધાન્ય પાકોમાં મૂલ્યવૃદ્ધિ :

» ડાંગરમાંથી ચોખા મેળવવાની રીત જૂની તથા પ્રચલિત છે. જો રાઈસ હલરની જગ્યાએ રબર રોલર શેલીંગ યુનિટનો ઉપયોગ કરવામાં આવે તો ભાંગતૂટ વગરના ચોખા મળે છે વળી ભૂંસુ પણ યોગ્ય સ્થિતિમાં મળતા તેમાંથી તેલ કાઢી તેનો ઔદ્યોગિક સ્તરે ઉપયોગ કરી શકાય. આ ઉપરાંત ચોખા, મકાઈ, ઘઉં વગેરેમાંથી પૌવા કે મમરા પણ બનાવી ગ્રામ્ય સ્તરે રોજગારીની તકો ઉભી કરી શકાય. ઘઉં જેવા ધાન્ય પાકોમાંથી પણ તેનો લોટ, મેંદો, સુજી, રવો, વિટામીન – ઈ યુક્ત તેલ, ગ્લુટેન, સ્ટાર્ચ છુટા પાડી તેમાંથી વધારાની આવક મેળવી શકાય. મકાઈમાંથી પણ ઘણા બધા મૂલ્યવર્ધક બનાવટો મેળવી શકાય છે જેમ કે મકાઈનું તેલ, પૌવા તથા અન્ય નાસ્તાની બનાવટો, પીણા, ચોકલેટ, સ્ટાર્ચ, સોરબીટોલ, ડેક્સટ્રોઝ, સાઈટ્રીક એસિડ વગેરે. આ જ રીતે જુવાર અને બાજરા જેવા ધાન્ય પાકોમાંથી પણ વિવિધ પદાર્થો મેળવવામાં આવે છે.

# કિચનગાર્ડન– સુરક્ષિત પોષણનો આધાર

» કિચનગાર્ડન એટલે ઘરની આજુબાજુ કે આંગણામાં પડેલી વધારાની જમીનમાં શાકભાજી અને સરળતાથી પ્રાપ્ત થાય એવા ફળો ઉગાડી બનાવવામાં આવતો બગીચો. હાલના સમયમાં શાકભાજીનાં ઉંચા ભાવ આપવા છતાં તાજા અને સારી ગુણવત્તા ધરાવતા શાકભાજી મળી શકતા નથી અને શાકભાજીમાં જંતુનાશક ઝેરી દવાઓનાં વધુ પડતા અવશેષ કે ગટરનાં પાણીનાં ઝેરી ક્ષારો હોવાની શકયતા રહેલ છે. આવા સંજોગોમાં ઘરઆંગણે જો થોડી-ઘણી વધારાની જમીન પડી હોય તેમાં કિચનગાર્ડન બનાવીને શાકભાજીનું ઉત્પાદન કરવામાં આવે તો આપણને સસ્તું, સારુ, ગુણવત્તાયુકત અને તાજુ શાકભાજી મળી રહે. શાકભાજી અને ફળો એ આપણા શરીરની તંદુરસ્તી માટે ખુબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણા શરીરનાં વિકાસ, બંધારણ અને જાળવણી માટે કાર્બોહાઈડ્રેટ, ચરબી, પ્રોટીન, વિટામિન્સ અને ખનીજ ક્ષારો જેવા પોષકતત્ત્વોની જરૂર પડે છે. જે આપણને અનાજ, કઠોળ, દૂધ અને દૂધની બનાવટો, તેલીબિયાં, ઘી, તેલ, શાકભાજી અને ફળો વગેરેમાંથી મળે છે. વિટામિન્સ અને ખનીજ ક્ષારો દ્વારા જ આપણા શરીરનું યોગ્ય નિયમન, વૃદ્ધિ, રોગપ્રતિકારક શકિતનો સંચાર થાય છે. આવા જરૂરી એવા વિટામિન્સ અને ખનીજ ક્ષારો આપણા શરીરને શાકભાજી અને ફળોમાંથી વધારે પ્રમાણમાં મળે છે. આઈસીએમઆરની ભલામણ મુજબ એક પુખ્ત વયની વ્યકિતને ૩૫૦ ગ્રામ/દિન શાકભાજીની જરૂરીયાત હોય છે. ગુણવત્તાવાળું, તાજુ શાકભાજી આપણને કિચનગાર્ડનમાંથી મળી રહે છે માટે તેને પોષણબાગ પણ કહે છે. ઘરની આજુબાજુ જગ્યા ના હોય તો કુંડાઓમાં પણ શાકભાજી ઉગાડી શકાય છે.

## કિચનગાર્ડનના ફાયદા ::

» ● ઘરઆંગણાની આસપાસ પડેલ નકામી જમીનનો સદ્ઉપયોગ કરી શકાય છે.

» ● તાજા અને તંદુરસ્ત શાકભાજી ઈચ્છા અનુસાર મેળવી શકાય છે.

» ● ઘરઆંગણે શાકભાજી, ફળોની વાવણીથી વાતાવરણ પ્રદૂષણમુક્ત અને સ્વચ્છ રહે છે.

» ● રસોડાના નકામા પાણીનો ઉપયોગ કરી શકાય.

» ● શાકભાજી ઘરઆંગણે જ ઉપલબ્ધ થવાથી ઘરખર્ચમાં બચત કરી શકાય છે.

» ● આપણા ફાઝલ સમયમાં બગીચામાં કાર્યરત બની શારીરિક વ્યાયામ મેળવી શરીર તંદુરસ્ત રાખી શકાય છે.

» ● વધારાનાં શાકભાજી આડોશ-પાડોશમાં આપવાથી સંબંધોને જાળવી શકાય છે.

» ● ઘરઆંગણે બાળકો વિવિધ ફુલ, છોડ, પાકની ઓળખ, ખેતી પધ્ધતિ અને ઉપયોગીતાની માહિતી પ્રત્યક્ષ મેળવી શકે છે.

» ● ઘરઆંગણે મનગમતા શાકભાજી ઉગાડવાથી રોજબરોજના આહારમાં શાકભાજીનાં આયોજનનો પ્રશ્ન નિવારી શકાય છે.

» ● ઘરઆંગણે તૈયાર કરેલ શાકભાજીમાં જંતુનાશક દવાઓના અવશેષ સિવાયના અને કુદરતી સેન્દ્રિય ખાતરોનો ઉપયોગ કરી જરૂરીયાત પૂરી કરી શકાય છે.

» ● ઘરઆંગણે ઉગાડેલા શાકભાજી ખાવાથી ઘરનાં સભ્યોમાં જો કુપોષણ હોય તો તે નિવારી શકાય છે.

» ● કિચનગાર્ડન ઉગાડવાથી ઘરની શોભામાં પણ વધારો થાય છે.

## કિચનગાર્ડનના મુદ્દાઓ ::

» ● પાકોને દિવસ દરમિયાન પૂરતા પ્રમાણમાં સૂર્યપ્રકાશ મળી રહે એ જરૂરી છે.

» ● ઋતુ પ્રમાણેની શાકભાજી વાવવી જોઈએ.

» ● રીંગણ, મરચી, ટામેટી, કોબીઝ, ફુલાવરના ધરૂ ઉછેર કરી પછી વાવવા.

» ● જરૂરીયાત મુજબ ખેડ, ખાતર, પાણી અને પાકસંરક્ષણના પગલા લેવા જોઈએ.

» ● રાસાયણિક ખાતર અને દવાઓની જગ્યાએ જૈવિક ખાતર, ગૌમૂત્ર, રાખ, છાસ અને લીમડાનું તેલ વગેરેનો ઉપયોગ કરવો જોઈએ.

» ● બગીચામાં એક ખુણામાં નાનો ખાડો કરી તેમાં બગીચાનો અને રસોડાનો કચરો, ઘાસ, પાંદડા અને શાકભાજીનો કચરો નાખી તેનો કંમ્પોસ્ટ ખાતર બનાવી ઉપયોગ કરવો જોઈએ.

» ● વધુ જગ્યા હોય તો બગીચામાં પપૈયા, મીઠો લીમડો, સરગવો, લીંબુ જેવા પાકના એકાદ છોડનું પણ આયોજન કરી શકાય.

» ● ફૂલછોડ જેવા કે ગલગોટા, ગુલાબ, મોગરો અને ઔષધીય પાકોમાં તુલસી, અરડુસી અને ફુદીનો શકય હોય તો લગાવવા જોઈએ જેથી ઘરઘથ્થુ ઉપચારમાં ઉપયોગ કરી શકાય.

» ● વેલાવાળા શાકભાજી પાકોને ઝાડ પર, અગાસી કે ફેન્સીંગની ધારે જરૂરિયાત મુજબ રોપણી કરી તેના પર વેલા ચઢાવવા.

શ્રીમતી બબીતા રામનિવાસ
એસ.એમ.એસ. (હોમ સાયન્સ)
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગણપત યુનિવર્સિટી, મહેસાણા


» કિચનગાર્ડનના પાકો :

» ચોમાસુ : ગુવાર, દૂધી, ભીંડા, કારેલા, કાકડી, તુરીયા, ગલકા, રીંગણ, ટામેટા, મરચી

» શિયાળુ : પાલક, મેથી, લસણ, ડુંગળી, મુળા, મોગરી, કોબીઝ, ફુલાવર, બટાકા, તુવેર, કોથમીર, ગાજર, મરચી, ટામેટા, રીંગણ

» ઉનાળુ : ગુવાર, કાકડી, કારેલા, દૂધી, ભીડા, ચોળી, તાંદળજો, દૂધી, ગલકા

» બહુવર્ષાયુ : પરવર, ટીંડોરા, સરગવો, મીઠો લીમડો



# મગફળીના પાકમાં ચુસીયા પ્રકારની જીવાતની ઓળખ અને સંકલિત વ્યવસ્થાપન



પ્રો. એમ.જી. નંદાણીયા, ડી.એન. હડીયા,
ડો. વૈશાલી વી. બીરારી અને
ડો. વી.એમ. પરમાર
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, ખાપટ, પોરબંદર

ઉપદ્રવનો સમય : મોલોનો ઉપદ્રવ મગફળીના પાકમાં સામાન્ય રીતે જુલાઈ–ઓગષ્ટ મહિનામાં જોવા મળે છે. ખાસ કરીને વાદળીયું વાતાવરણ અને ઝરમર વરસાદ આ જીવાતનો ઉપદ્રવ થવા માટે અનુકૂળ છે.

(૨) તડતડીયા, લીલા ચુસિયા કે લીલી પોપટી (Empoascakerri B.)

ઓળખ : બચ્ચા અને પુખ્ત બંને લીલા રંગના અને ફાચર આકારના હોય છે. તે સહેજ અડકતા પાન ઉપર લાક્ષણિક ઢબે ત્રાંસા ચાલવાની ટેવ વાળા હોય છે. પુખ્ત કિટકની આગળની બંને પાંખો પર એક એક કાળુ ટપકું હોય છે.

જીવન ચક : આ જીવાતની માદા પાનની નીચેના ભાગે નસમાં પીળાશ પડતા સફેદ રંગના ૩૦ જેટલા ઈંડા મૂકે છે. આ જીવાત એનું જીવનચક્ર ૭ થી ૧૨ દિવસમાં પૂરૂં કરે છે. આ જીવાતનો જીવનકાળ વાતાવરણની પરિસ્થિતિ ઉપર આધારીત છે અને અનુકૂળ વાતાવરણમાં આ જીવાતની એક વર્ષમાં અંદાજીત ૧૧ પેઢી જોવા મળે છે. (ક્રમશઃ)

# પૂર અને ભૂસ્ખલનને કારણે પ્રિયજન ગુમાવનારા પરિવારોની પીડાથી ભારતીયો દુ:ખી : મોદી

નવી દિલ્હી, તા.૩૧

૩૧ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં દેશમાં પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓમાં જાનહાનિ બાબતે દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું કે મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર! આ ચોમાસાની ઋતુમાં કુદરતી આફતો દેશની કસોટી કરી રહી છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં, આપણે પૂર અને ભૂસ્ખલનનો ભારે વિનાશ જોયો છે. કેટલાક ઘરો નાશ પામ્યા, કેટલાક ખેતરો ડૂબી ગયા, પરિવારો બરબાદ થઈ ગયા, પાણીના ઝડપી પ્રવાહમાં પુલ તણાઈ ગયા, રસ્તાઓ ધોવાઈ ગયા, લોકોના જીવ જોખમમાં મુકાયા. આ ઘટનાઓએ દરેક ભારતીયને દુઃખી કર્યા છે. પોતાના પ્રિયજનો ગુમાવનારા પરિવારોની પીડા આપણા બધાની પીડા છે. જ્યાં પણ કટોકટી આવી, ત્યાં આપણા NDRF-SDRFના જવાનો, અન્ય સુરક્ષા દળો, બધાએ ત્યાંના લોકોને




બચાવવા માટે દિવસ-રાત કામ કર્યું. સૈનિકોએ પણ ટેકનોલોજીનો સહારો લીધો છે. થર્મલ કેમેરા, લાઈવ ડિટેક્ટર, સ્નિફર ડોગ્સ અને ડ્રોન સર્વેલન્સ જેવા ઘણા આધુનિક સંસાધનોની મદદથી રાહત કાર્યને ઝડપી બનાવવા માટે દરેક પ્રયાસ કરવામાં આવ્યો.તેમણે વધુમાં કહ્યું, 'રાહત સામગ્રી હેલિકોપ્ટર દ્વારા પહોંચાડવામાં આવી, ઘાયલોને એરલિફ્ટ કરવામાં આવ્યા. આફતની ઘડીમાં સેના મદદ માટે આગળ આવી. સ્થાનિક લોકો, સામાજિક કાર્યકરો, ડોકટરો, વહીવટીતંત્ર, દરેકે આ સંકટની ઘડીમાં શક્ય તેટલા પ્રયત્નો કર્યા હતા.

# ચીન પહોંચેલા પુતિનનું નિવેદન : ટેરિફ મુદ્દે અમેરિકાનો ભેદભાવયુકત પ્રતિબંધ સ્વીકાર્ય નથી

શાંઘાઈ, તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીનમાં શાંઘાઈ શિખર સંમેલનમાં ભાગ લેવા ગયા છે. જ્યાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન પણ પહોંચ્યા છે. રશિયા-ચીન અને ભારત એક મંચ પર આવતાં અમેરિકા અને પાકિસ્તાનમાં ખળભળાટ જોવા મળ્યો છે. આ સમિટમાં ભાગ લેતાં પહેલાં જ રશિયાના પ્રમુખ પુતિને અમેરિકાના બેવડા વલણની ટીકા કરી હતી. તેમણે અમેરિકાને આકરો સંદેશ આપ્યો છે કે, અમને અમેરિકાનો ભેદભાવયુક્ત પ્રતિબંધ સ્વીકાર્ય નથી. પુતિને કહ્યું કે, ૩૧ ઓગસ્ટથી ચીનના તિયાનજિનમાં શરૂ થનારી શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) શિખર સંમેલનમાં નવી તાકાત ઉમેરાશે. આ સમિટ સમકાલીન પડકારો અને જોખમોનો સામનો કરવાની SCOની ક્ષમતાને મજબૂત બનાવશે અને સંયુક્ત યુરેશિયન



ક્ષેત્રમાં એકતાને વધુ મજબૂત બનાવશે. બેઈજિંગમાં સમિટ અને ચીનના સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે ચીનની મુલાકાતની પૂર્વસંધ્યાએ પુતિને આ નિવેદન આપ્યું હતું. અમેરિકન પ્રમુખ પર નિશાન સાધતા રશિયન પ્રમુખે કહ્યું કે અમે વૈશ્વિક મુદ્દાઓને ઉકેલવા માટે BRICS જૂથને મજબૂત બનાવવા માટે એકજૂટ છીએ. કોઈપણ પ્રકારના ભેદભાવપૂર્ણ પ્રતિબંધો સ્વીકારી શકાતા નથી. આવા પ્રતિબંધો કોઈપણ દેશના આર્થિક વિકાસમાં અવરોધ ઉભા કરી રહ્યા છે. કોઈપણ દેશ માટે આ સ્થિતિ સ્વીકાર્ય નથી.

# વાદળો હવે અટકશે નહીં, ભારે વરસાદ પડશે, દિલ્હી-એનસીઆર માટે ચેતવણી જારી

નવીદિલ્હી, તા.૩૧

દેશના ઘણા રાજ્યોમાં ચોમાસાનો ભારે વરસાદ પડી રહ્યો છે. ઘણી જગ્યાએ ભારે વરસાદને કારણે નદીઓ અને નાળાઓ ઉભરાઈ રહ્યા છે. પહાડી રાજ્યોમાં ભૂસ્ખલન અને વાદળ ફાટવાથી લોકોના જીવ મુશ્કેલીમાં મુકાયા છે. દરમિયાન, હવામાન વિભાગે આજે પણ ઘણી જગ્યાએ વરસાદની ચેતવણી જારી કરી છે. દિલ્હી-એનસીઆર, યુપી, હરિયાણા, બિહાર અને મહારાષ્ટ્ર સહિત ઘણા રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગે હિમાચલ, ઉત્તરાખંડ અને જમ્મુમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આ સાથે, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના કેટલાક જિલ્લાઓમાં પણ ભારે વરસાદની આગાહી છે. તે જ સમયે, દિલ્હી, ગુજરાત, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને ઓડિશા સહિત ઘણા રાજ્યોમાં વરસાદનું યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. જ્યાં હળવો થી ભારે વરસાદ પડી શકે છે.

# યુપીના સીતાપુર જિલ્લામાં વાઘનો આતંક : બે લોકોને મારી નાખ્યા

સીતાપુર, તા.૩૧

ઉત્તર પ્રદેશમાં ફરી એકવાર જંગલી પ્રાણીઓનો ભય જોવા મળી રહ્યો છે. જોકે ઘણા જિલ્લાઓમાં વિવિધ પ્રાણીઓનો આતંક ફેલાયેલો છે. પરંતુ લખનૌને અડીને આવેલા સીતાપુરના ૪૦ ગામો વાઘના આતંકથી ભયભીત છે. આ વિસ્તારમાં શેરડીના ખેતરો દૂર દૂર સુધી ફેલાયેલા છે. આદમખોર વાઘ આ ખેતરોમાં છુપાયેલો છે. એવો દાવો કરવામાં આવે છે કે આ માનવભક્ષી વાઘ એકલો નથી પણ તેના પરિવાર સાથે છે. તે ફક્ત પોતાના શિકારની શોધમાં ઓચિંતો છાપો મારવાની રાહ જોઈ રહ્યો છે અને ગ્રામજનો તેના શિકાર બને છે. માનવભક્ષી વાઘે અત્યાર સુધીમાં બે લોકોને મારી નાખ્યા છે. સીતાપુરના મહોલી વિસ્તારમાં, વાઘે પહેલા ૨૨ વર્ષીય સૌરભ દીક્ષિતને મારી



નાખ્યો ગતો. ત્યારબાદ, તેણે ૫૦ વર્ષીય રાકેશ વર્મા પર પણ હુમલો કરીને મારી નાખ્યો. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, રાકેશ સવારે ખેતરમાં કામ કરવા ગયો હતો. આ સમય દરમિયાન, ઝાડીઓમાં છુપાયેલા વાઘે અચાનક તેના પર હુમલો કર્યો. ખેડૂતે બૂમો પાડી, ત્યારે નજીકમાં હાજર અન્ય ગ્રામજનો ઘટનાસ્થળે પહોંચી ગયા, પરંતુ ત્યાં સુધીમાં વાઘે તેને ગંભીર રીતે ઘાયલ કરી દીધો હતો. પરિવાર અને ગ્રામજનોએ રાકેશને હોસ્પિટલ લઈ જવાનો પ્રયાસ કર્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

# ઓડિશાના મયુરભંજ જિલ્લામાં યુવતીનું અપહરણ કરી સામૂહિક દુષ્કર્મથી ચકચાર

ભુવનેશ્વર, તા.૩૧

ઓડિશાના મયુરભંજ જિલ્લામાંથી એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. નોકરીના બહાને એક યુવતીનું અપહરણ કરીને સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો. આ ઘટના ઉડાલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી, જેમાં પાંચ આરોપીઓએ છોકરી પર ચાલતી વાનમાં બળાત્કાર કર્યો હતો. મળતી માહિતી મુજબ, પીડિતા મયુરભંજ જિલ્લાના આંતરિક વિસ્તાર બાંગીરીપોશી પોલીસ સ્ટેશન વિસ્તારની રહેવાસી છે. પોલીસને આપેલી ફરિયાદમાં તેણીએ જણાવ્યું હતું કે બે અજાણ્યા યુવાનો તેના ઘરે આવ્યા હતા અને તેને ખાનગી કંપનીમાં નોકરી અપાવવાની લાલચ આપી હતી. છોકરીને ખાતરી આપ્યા પછી, તેઓ તેને વાનમાં પોતાની સાથે લઈ ગયા હતા. જ્યારે વાહન આગળ વધ્યું, ત્યારે રસ્તામાં ત્રણ વધુ યુવાનો તેમાં ચઢી ગયા. પછી વાહન લગભગ ૮૦ કિલોમીટર ચાલ્યું અને ઉડાલા-બાલાસોર સ્ટેટ હાઈવેના એક નિર્જન વિસ્તારમાં પહોંચ્યું હતું.

# દિલ્હીમાં ૧૦ લાખ રખડતા કૂતરા, કરડવાની ઘટનાઓની જવાબદારી સુપ્રીમ લેશે કે શ્વાનપ્રેમીઓ? - વિજય ગોયલ

(એચ.એસ.એલ), નવીદિલ્હી, તા.૩૧

નવી અને દક્ષિણ દિલ્હીના રેસિડેન્ટ વેલ્ફેર એસોસિએશને રાજીવ ચોક મેટ્રો સ્ટેશનના સેન્ટ્રલ પાર્કમાં રખડતા કૂતરાઓની વધતી સમસ્યા સામે વિરોધ પ્રદર્શન કર્યું. આ દરમિયાન, તેમણે રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશનને 'રખડતા કૂતરાઓ દૂર કરો, દેશ બચાવો' ના નારા સાથે રસ્તાઓ પરથી કૂતરાઓ દૂર કરવાની માંગ




કરી. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી વિજય ગોયલે, જેઓ છેલ્લા ત્રણ વર્ષથી આ મુદ્દા પર આંદોલન ચલાવી રહ્યા છે, તેમણે કહ્યું કે દિલ્હીમાં લગભગ ૧૦ લાખ રખડતા કૂતરા છે, જે દરરોજ બે હજારથી વધુ લોકોને કરડે છે. તેમણે સુપ્રીમ કોર્ટના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા, જેમાં નસબંધી અને રસીકરણ પછી કૂતરાઓને રસ્તાઓ પર છોડી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે. ગોયલે પ્રશ્ન કર્યો કે કરડવાની ઘટનાઓની જવાબદારી સુપ્રીમ કોર્ટ લેશે કે કૂતરા પ્રેમીઓ? તેમણે વિદેશી દેશોની જેમ નો ડોગ્સ ઓન સ્ટ્રીટ નીતિ અને આશ્રય ગૃહની વ્યવસ્થાની હિમાયત કરી હતી. ગોયલે આરોપ લગાવ્યો કે કૂતરા પ્રેમીઓ સુપ્રીમ કોર્ટના આદેશ વિરુદ્ધ ઉશ્કેરે છે.

# જમ્મુ-કાશ્મીરના પૂંછ વિસ્તારમાંથી સુરક્ષાદળોએ હેન્ડગ્રેનેડ, એકે-૪૭ સાથે બે આતંકીઓને ઝડપ્યા

શ્રીનગર, તા.૩૧

જમ્મુ અને કાશ્મીરના પૂંછ વિસ્તારના મંડી સેક્ટરમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી એક AK-૪૭ અને એક હેન્ડ ગ્રેનેડ મળી આવ્યો છે. ઘટનાની માહિતી આપતાં પૂંછ પોલીસે જણાવ્યું કે સુરક્ષા દળોએ કાર્યવાહી શરૂ કરી દીધી છે. પોલીસે જણાવ્યું



કે, આ દરમિયાન પોલીસે દરોડા પણ પાડ્યા હતા. આ દરમિયાન, આઝમાબાદ સ્થિત એક મકાન પર દરોડો પાડવામાં આવ્યો હતો, જ્યાંથી આ ઘરના માલિક સ્થાનિક રહેવાસી તારિક શેખ અને ચેમ્બર ગામના રહેવાસી તેના સાથી રિયાઝ અહેમદની અટકાયત કરવામાં આવી છે.

અધિકારીઓએ જણાવ્યું કે ધરપકડ બાદ, બંનેની પૂછપરછ કરવામાં આવી હતી. તેમની પાસેથી મળેલી માહિતીના આધારે, પોલીસે જાલિયન ગામમાં સ્થિત શેખના બીજા ભાડાના મકાન પર દરોડો પાડ્યો હતો, જ્યાંથી આ હથિયારો મળી આવ્યા હતા.

# ગુજરાત હાઈકોર્ટના જજની બદલી સામે કોડીનારના વકીલોએ પણ વિરોધ કર્યો

કોડીનાર તા.૩૧

કોડીનાર બાર એસોસિએશન ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ સંદીપ એન. ભટ્ટની બદલીના વિરોધમાં કામગીરીથી દૂર રહ્યું હતું. કોડીનાર બાર એસોસિએશનના પ્રમુખ પ્રતાપસિંહ વી. ચાવડાએ જણાવ્યું કે આ બદલી આંતરિક રાજકારણ અનેજૂથવાદના કારણે કરવામાં આવી છે. કોડીનાર બાર એસોસિએશને આ બદલીથી ન્યાયતંત્રની ગરિમાને આંચ આવે છે તેવો સર્વાનુમતે ઠરાવ કર્યો છે. તેઓએ બદલીનો



તસવીર : કુલદીપ પાઠક

આદેશ પાછો ખેંચવા માટે સુપ્રીમ કોર્ટના કોલેજિયમ સમક્ષ રજૂઆત કરવાનો નિર્ણય લીધો છે. વધુમાં ગુજરાત હાઈકોર્ટ બાર એસોસિએશનના ઠરાવને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. ૭૦થી વધારે વકીલો કામગીરીથી દૂર રહ્યા હતા.

# કોડીનારમાં ગણેશ મહોત્સવ અંતર્ગત વિવિધ પંડાલોની મુલાકાતે સમીક્ષા ટીમ

કોડીનાર, તા. ૩૧

રાજ્યમાં સાંસ્કૃતિક વારસા અને પરંપરાગત લોક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે 'શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ



પ્રતિયોગિતા-૨૦૨૫નુ' આયોજન કરાયું છે. ગીર સોમનાથ જિલ્લામાં પણ 'ઓપરેશન સિંદૂર' સહિતની થીમ પર વિવિધ ગણેશ પંડાલ તૈયાર કરવામાં આવ્યાં છે. ગણેશ મહોત્સવ અંતર્ગત સમીક્ષા ટીમે કોડીનારના વિવિધ ગણેશ પંડાલની મુલાકાત લઈ સ્થાનિક વહીવટી તંત્રની મંજૂરી, પંડાલ દ્વારા થતી અન્ય પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતી મેળવી હતી.

# ગોરસ ગામે પ્રાથમિક શાળાના નવા ૬ ઓરડાઓનું સાંસદ ભરતભાઈ સુતરીયાના હસ્તે લોકાર્પણ

મહુવા, તા.૩૧

મહુવા તાલુકાના ગોરસ ગામે અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયાના હસ્તે ગોરસ પ્રાથમિક શાળાના ૬ નવા ઓરડાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂ. ૧ કરોડ ૫ લાખના ખર્ચે તૈયાર થયેલા આ ઓરડાઓ ગ્રામ્ય વિસ્તારના બાળકો માટે અભ્યાસમાં સુવિધાસભર બનશે. સાંસદ



ભરતભાઈ સુતરીયાએ જણાવ્યું હતું કે, મારી પ્રાથમિકતા હંમેશા શિક્ષણ, આરોગ્ય અને વિકાસના કાર્યોને વેગ આપવાની છે. લોકાર્પણ સમારોહ દરમિયાન ગામના આગેવાનો, શિક્ષકો, ગ્રામજનો તથા મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનારના મીતિયાજમાં સમાજની વાડીને નડતરરૂપ વડલાના વૃક્ષને દૂર કરવા રેલી કાઢી આવેદન અપાયું

કોડીનાર, તા.૩૧

કોડીનાર તાલુકાના મીતિયાજ ગામના કારડીયા રાજપૂત સમાજ દ્વારા ગામતળમાં આવેલા રસ્તા પર થયેલું દબાણ અને નડતરરૂપ વિશાળ વડલાના ઝાડને દૂર કરવા માટે વારંવાર રજૂઆતો થઈ હતી. આમ છતાં આજદિન સુધી કોઈ કાર્યવાહી નહીં થતાં નારાજ લોકોએ આ મામલે કોડીનારમાં રેલી યોજી મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું. તેમાં જણાવ્યા મુજબ,



તસવીર : કુલદીપ પાઠક

ગામતળની જમીન પાસે આવેલો રસ્તો વાંઝા શેરીને જોડતો આવે છે જે રસ્તા પર લખમણ ભગવાન રાઠોડ અને ગ્રામ પંચાયતના સભ્ય જાનુબેન જેઠાભાઈ રાઠોડ સહિત અનેક લોકો દ્વારા બાંધકામ કરીને દબાણ કરવામાં આવ્યું છે. આ દબાણને દૂર કરવા માટે અગાઉ પણ તત્કાલીન સરપંચ, વહીવટદાર અને તલાટી કમ મંત્રીને રજૂઆતો કરવામાં આવી હતી, જેના આધારે પંચ રોજકામ પણ થયું હતું અને નોટિસો પણ આપવામાં આવી હતી. જોકે, તેમ છતાં રસ્તો ખુલ્લો કરાવવામાં આવ્યો નથી.

આ ઉપરાંત, સમાજની મિલકતની દિવાલને નુકસાન પહોંચાડી રહેલા એક વિશાળ વડલાના ઝાડને પણ દૂર કરવાની માંગણી કરવામાં આવી છે. તાત્કાલિક ધોરણે આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# ધોકડવા મુકામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના, તા. ૩૧

ગીરગઢડા તાલુકાના ધોકડવા મુકામે જૂનાગઢ-ગીર સોમનાથ જિલ્લાના માનનીય સાંસદ રાજેશભાઈ ચુડાસમા તેમજ ઉનાના માનનીય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે ધોકડવા ગામે રૂ. ૧ કરોડ ૩૫ લાખના ખર્ચે તૈયાર થનાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોંધરા, ગીરગઢડા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ રાખોલીયા, પૂર્વ ગીરગઢડા તાલુકા ભાજપ પ્રમુખ કાળુભાઈ રૂપાલા, ગીરગઢડા તાલુકા ભાજપ મહામંત્રી કે.સી. રાજપૂત, સરપંચ, ભારતીય જનતા પાર્ટીના સૌ કાર્યકર્તાઓ અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


## લીલીયા મોટા ભાભા માર્કેટ યાર્ડ

### :: જાહેર સુચના ::

સીસીઆઈમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે ટેકાના નક્કી થયા મુજબ રૂ.૧૬૧૨/- ના ભાવેથી કપાસ વેંચવા માંગતા લીલીયા તાલુકાના ખેડૂતોએ **''કપાસ કિસાન''** મોબાઈલ એપ્લિકેશનમાં તા.૦૧/૦૯/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીમાં પોતાની નોંધાણી કરાવી લેવી ફરીજીયાત છે. ગાફલતમાં ન રહેવા કરતા આજે જ આપની નોંધણી કરાવી લેવી જો નોંધણી કરાવેલી હશે તો વેચી શકાશે.

# રાજ્યમાં ૬ સપ્ટેમ્બર સુધી વરસાદની આગાહી કરતું હવામાન વિભાગ

**૪ સપ્ટે.થી દ.ગુજરાત, સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ ખાબકશે**

ગાંધીનગર,તા.૩૧

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી ૭ દિવસ એટલે કે ૩૧ ઓગસ્ટથી ૬ સપ્ટેમ્બર સુધી રાજ્યમાં વરસાદને લઈને આગાહી છે. જેમાં ખાસ કરીને આગામી ૪ સપ્ટેમ્બરથી રાજ્યમાં વરસાદનું જોર વધશે. એ બાદ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.



રાજ્યમાં સિઝનનો કુલ ૯૦ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. આજે મહીસાગર, પંચમહાલ અને દાહોદમાં છુટાછવાયા સ્થળોએ અતિ ભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આગામી ૨ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અને ત્યારબાદ ૪ સપ્ટેમ્બરથી ફરી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. દરિયાકાંઠે ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. ૧ સપ્ટેમ્બરના રોજ સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આજે અમદાવાદમાં છુટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

# ૧૫ ઓકટોબરે મુખ્યમંત્રીના બંગલાની સામે ઘેરાવ કરવાનું આહ્‌વાન કરતા ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી

અમદાવાદ,તા.૩૧

શહેરમાં મારું ઘર, મારું સ્વાભિમાન આંદોલન હેઠળ જીગ્નેશ મેવાણી દ્વારા જાહેર સભા કરવામાં આવી હતી. સરકાર દ્વારા કરવામાં આવતા ગેરકાનૂની ડિમોલિશન, અશાંતધારા તથા નાગરિકોના હક્કો ઉપર થતા સતત હુમલાઓ મુદ્દે આ સભામાં વાત કરવામાં આવી હતી.



આ સભામાં શહેરના રહેવાસીઓ, સિવિલ સોસાયટીના કાર્યકર્તાઓ તેમજ કોંગ્રેસના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ આહ્‌વાન કર્યુ કે ૧૫ ઓક્ટોબરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના બંગલાની સામે ૧૫થી ૨૦ હજાર લોકો સાથે ઘેરાવ કરીશું.

ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ જણાવ્યું કે, સરકાર ગરીબ અને મધ્યવર્ગના મકાન તોડી તેમના માથેથી છત છીનવી રહી છે. ગુજરાત અને ભારતમાં આજે પણ અનેક લોકોના મકાનોમાં માથે છત નથી. તેમને છત આપવાના બદલે તેમના ઘર તોડવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં છેલ્લા ૧ વર્ષમાં ૨૦૦૦૦ જેટલા મકાનો તોડી પાડવામાં આવ્યા. ચંડોળા તળાવ. ઓઢવ, રાયખડ મિલ, સરખેજ, અંબાજી, ચાંદખેડા, મોઢેરામાં ઘર ડિમોલેશન કરવામાં આવ્યું.

આ લડત ફક્ત ઘર બચાવવાની નથી, પરંતુ માનવીના અસ્તિત્વની છે. મારું ઘર મારું સ્વાભિમાન આંદોલનને મોટી સમિતિ સ્વરૂપ આપવામાં આવશે અને જરૂર પડે તો સમગ્ર ગુજરાતમાં આંદોલન વિસ્તરશે.

# અમદાવાદમાં બિલ્ડરે ફ્લેટ ધારકો પાસેથી પૈસા ઉઘરાવી રૂા.બે કરોડનું ફુલેકું ફેરવ્યું


અમદાવાદ,તા.૩૧

અમદાવાદ શહેરમાં વધુ એક વખત બિલ્ડરના કૌભાંડનો ભોગ સામાન્ય રહીશો બન્યા છે. હાથીજણ વિસ્તારમાં આવેલી શાલીન હાઈટ્સ સોસાયટીમાં બિલ્ડર લગભગ ૨ કરોડ રૂપિયાનું ફુલેકું ફેરવી ફરાર થયો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. આ ઘટનાએ સોસાયટીના ૧૫૮ સભ્યોને ભારે આર્થિક નુકસાન સાથે માનસિક પરેશાનીનો સામનો કરાવ્યો છે. માહિતી મુજબ, બિલ્ડર યતિન મહેતા અને ગૌરેશ મહેતાએ સોસાયટીના સભ્યો પાસેથી મેન્ટેનન્સના નામે ૧ લાખથી ૧.૨૫ લાખ રૂપિયા સુધીની વસૂલી કરી હતી. પરંતુ આટલા મોટા પાયે રકમ વસૂલવા છતાં સોસાયટીના નામે બેંકમાં એકાઉન્ટ ખોલાવ્યું જ નહોતું. આશ્ચર્યજનક વાત એ છે કે બિલ્ડરે છેલ્લા ૮ વર્ષ સુધી સોસાયટીનું આખું કામકાજ સંભાળ્યું, પરંતુ ક્યારેય સભ્યોને હિસાબ આપ્યો નહોતો. સ્થાનિકોએ બિલ્ડર વિરુદ્ધ તરત જ કડક પગલાં લેવાય તથા રહીશોને ન્યાય અપાય તેવી માંગણી કરી છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાત પોલીસ આવાસ નિગમનું લોકાર્પણ કર્યું

અમદાવાદ,તા.૩૧

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ બે દિવસ ગુજરાતની મુલાકાતે છે. એ દરમિયાન તેમણે ૩૦ ઓગસ્ટે ગણપતિ પંડાલની મુલાકાત લઈ દર્શન અને આરતી કર્યા હતા. જ્યારે ૩૧ ઓગસ્ટે અમદાવાદમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી. જેમાં તેમણે નવા વાડજમાં અર્બન ફોરેસ્ટ વૃક્ષારોપણ કરી લોકો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. ત્યાર બાદ લાલદરવાજા સ્થિત ભદ્રકાળી માતાનાં મંદિરે દર્શન કર્યા હતા.



અમિત શાહે અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ગોતા અને ચાંદલોડિયા વોર્ડમાં નવા બનેલા અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું, ત્યારે અમદાવાદમાં તમામ કાર્યક્રમો બાદ તેમણે ઘાટલોડિયાના સોસાયટી ચેરમેન અને સેક્રેટરીઓ સાથે મુલાકાત કરી હતી. જ્યાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મુખ્યમંત્રી, શહેર પ્રમુખ અને ધારાસભ્ય સાથે ભોજન લીધું હતું. સાંજે તેમણે ગાંધીનગર ખાતે જનરક્ષક અભિયાનનાં ૫૦૦ જેટલાં વાહનો, ગુજરાત પોલીસનાં ૫૩૪ જેટલાં વાહનો અને ગુજરાત પોલીસ આવાસ નિગમ દ્વારા નવનિર્મિત ૨૧૭ કરોડના ખર્ચે બનાવેલાં આવાસોનું લોકાર્પણ કર્યું હતું.

**જામનગરના નાઘેડીમાં ગણેશ વિસર્જન સમયે**

# પિતા-બે બાળકોના ડૂબી જવાથી મોત નિપજતા પરિવારમાં કલ્પાંત

**પોલીસે ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા**

જામનગર,તા.૩૧

જામનગરના નાઘેડીમાં ગણેશ વિસર્જન સમયે દુર્ઘટના સર્જાઈ હોવાનું સામે આવ્યું છે. પોદાર સ્કૂલ નજીકના તળાવમાં ગણેશ વિસર્જન દરમિયાન એક જ પરિવારના બે બાળકો સહિત ત્રણના પાણીમાં ડૂબી જવાથી મોત નિપજ્યા છે. મળતી માહિતી મુજબ, જામનગરના નાઘેડી વિસ્તારની પોદાર સ્કૂલ નજીક આવેલા તળાવમાં ગણેશ વિસર્જન કરવા જતાં પિતા અને બે બાળકો તળાવમાં ડૂબ્યા હતા. સમગ્ર ઘટનાને લઈને સ્થાનિકોએ તાત્કાલિક પોલીસ અને ફાયર વિભાગની ટીમને જાણ કરી હતી. પંચકોષી બી પોલીસ સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી હતી.

# સૌરાષ્ટ્રના જળાશયોમાં ૮૦ ટકા જ્યારે કચ્છના ડેમોમાં ૬૦.૧૮ ટકા જળસંગ્રહ

રાજકોટ,તા.૩૧

સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતમાં ચોમાસાને ત્રણ મહિના પૂરા થવા આવ્યા છે. ૩૦ ઓગસ્ટ સુધીમાં રાજ્યમાં સિઝનનો સરેરાશ ૮૮ ટકા જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં ૮૪ ટકા વરસાદ વરસી ચૂક્યો છે અને હજી પણ ચોમાસાના દિવસો બાકી હોય આગામી દિવસોમાં વરસાદની સંભાવના છે. ઓગષ્ટના અંત સુધીમાં સૌરાષ્ટ્ર-કચ્છના ડેમમાં



જળસંગ્રહની સ્થિતિનું એનાલિસિસ કરીએ તો, સૌરાષ્ટ્રના ડેમોની કુલ જળસંગ્રહ ક્ષમતાની સામે અત્યાર સુધીમાં ૮૦ ટકા પાણી આવી ચૂક્યું છે. કચ્છમાં આ વર્ષે સિઝનમાં સરેરાશ વરસાદની સામે ૮૫ ટકા વરસાદ વરસી ચૂક્યો છે પરંતુ, ડેમમાં જે જળસંગ્રહ થવો જોઈએ તે થઈ શક્યો નથી. ૨૦૨૪માં ૩૦ ઓગસ્ટે કચ્છના ૨૦ ડેમમાં ૮૬ ટકાથી વધુ જળસંગ્રહ થઈ ચૂક્યો હતો. તેની સામે આ વર્ષે સારા વરસાદ બાદ પણ અત્યાર સુધીમાં ૬૦.૧૮ ટકા જ જળસંગ્રહ થયો છે. એટલે કે ગત વર્ષની તુલનાએ ૨૬ ટકા ઓછો જળસંગ્રહ થયો છે. જો કે, હજી વરસાદની શક્યતા હોય આ ખાધ આગામી દિવસોમાં દૂર થાય તેવી આશા છે.

# જરોદ પોલીસે પકડેલો દારૂ બારોબાર બુટલેગરને પધરાવ્યો : પાંચ કોન્સ્ટેબલ સસ્પેન્ડ

વડોદરા,તા.૩૧

જરોદ પોલીસ સ્ટેશનના કેટલાક અધિકારીઓ અને બુટલેગરો વચ્ચે સાઠગાંઠનો ગંભીર મામલો સામે આવ્યો છે. જે મામલે જરોદ પોલીસ સ્ટેશનના કેટલાક પોલીસ અધિકારીઓને હાલ સસ્પેન્ડ કરાયા છે, જ્યારે પીઆઈને લીવ પર તથા એક જીઆરડી જવાનનું નામ કમી કરાયું હોવાની ચર્ચા ચાલી રહી છે. સુત્રો મુજબ પોલીસ દ્વારા ટેન્કરમાંથી દારૂ કટીંગ કરી માનીતા બુટલેગરને પધરાવવાની આ ઘટના ગત ૪થી તારીખે હાલોલ એક્સપ્રેસ વે પરથી બની હતી, જ્યારે ૩૯.૬૫ લાખનો દારૂ પકડાયો હતો. જે મામલે એક વીડિયો વાયરલ થતા આ કાર્યવાહી કરવામાં આવી છે. ત્યારે સ્થાનિક રાજકારણ અને પોલીસ વિભાગમાં ખળભળાટ મચ્યો છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ




વીડિયોમાં દર્શાવવામાં આવ્યું છે કે, જરોદ પોલીસે એક ટેન્કરમાંથી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો, પરંતુ તેમાંથી કેટલોક ભાગ કથિત રીતે બુટલેગરને પરત કરવામાં આવી રહ્યો છે. સુત્રો મુજબ, આ વાયરલ વીડિયો બાદ નવા એસપીએ જરોદ પોલીસ સ્ટેશનના ડી સ્ટાફના પાંચ કોન્સ્ટેબલોને સસ્પેન્ડ કર્યા છે, જ્યારે પોલીસ ઈન્સ્પેક્ટરને લીવ રિઝર્વમાં મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત, ગ્રામ રક્ષક દળના એક જવાનનું નામ પણ આ મામલે કમી કરવામાં આવ્યું છે.

# નર્મદાના સેલંબા ગામે ભ્રષ્ટ્રાચારની ફરિયાદ કરનારને મહિલાઓએ ઢોરમાર માર્યો

નર્મદા,તા.૩૧

નર્મદાના સેલંબા ગામમાં એક વ્યક્તિએ ભ્રષ્ટાચાર મુદ્દે ફરિયાદ કરતાં મહિલાઓ વિફરી હતી. આ મહિલાઓએ ગામમાં જાહેર રસ્તા પર આ વ્યક્તિને માર મારીને તેનો વરઘોડો કાઢ્યો હોય તેમ ધક્કે ચઢાવ્યો હતો. ત્યાર બાદ તેને દોરડાથી થાંભલે બાંધીને સેલંબા પંચાયતની મહિલા સભ્યએ માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ વ્યક્તિને થાંભલે બાંધીને માર મારવામાં આવ્યો હતો. આ ઘટનામાં સેલંબાની મહિલાઓ અને પંચાયતની મહિલા સભ્ય સામે પીડિત




યુવકે ભ્રષ્ટાચારની ફરિયાદ કરતાં માર માર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. આ સમગ્ર મામલે સાગબારા પોલીસ સ્ટેશનમાં પીડિત યુવકે ફરિયાદ નોંધવતા પોલીસે મહિલાઓ સામે વધુ તપાસ હાથ ધરી છે. મહિલાઓ જ્યારે આ યુવકને મારતી હતી ત્યારે ગામમાં લોકોના ટોળા એકઠા થયા હતા.

# મહેસાણા જિલ્લાના થોળ ગામે પાંજરાપોળમાં ૨૦ ગાયોના મોત

(એચ.એસ.એલ),મહેસાણા,તા.૩૧

મહેસાણાના થોળ ગામે આવેલી રાધાકૃષ્ણ પાંજરાપોળમાંથી એક દુખદ ઘટના સામે આવી છે. પાંજરાપોળમાં ૨૦ ગાયોના મોત થયા છે. આ પાંજરાપોળમાં મહેસાણા મહાનગરપાલિકા દ્વારા પકડવામાં આવેલી ગાયોને લાવવામાં આવે છે. મહાનગરપાલિકા તેમના નિભાવ માટે ખર્ચ પણ પાંજરાપોળને ચૂકવે છે. છતાં પણ ગાયોને પૂરતો ઘાસચારો ન આપતા હોવાનો, તેમજ યોગ્ય તબીબી સારવાર કે તકેદારી ન રાખવામાં આવતી હોવાનો આક્ષેપ પાંજરાપોળના સંચાલકો પર કરવામાં આવ્યો છે. ખાનગી ટ્રસ્ટના જણાવ્યા અનુસાર ગાયોને અસહાય હાલતમાં રાખવામાં આવી રહી હતી અને તેમનું યોગ્ય રીતે પાલનપોષણ નહોતું કરવામાં આવી રહ્યું. મૃત ગાયોને પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવી હતી અને તેના રિપોર્ટ બાદ સ્પષ્ટતા થશે કે મૃત્યુનું કારણ શું છે. પોલીસે સ્થળ પર પહોંચી ગુનો નોંધવાની પ્રક્રિયા શરૂ કરી હતી.

# ગોંડલમાં જુગાર પર પોલીસની રેઈડ, રૂા.૮૨.૭૬ લાખનો મુદ્દામાલ જપ્ત

ગોંડલ,તા.૩૧

રીબડા -ગુંદાસરા રોડ પર આવેલા પ્રિમિયર એન્ટરપ્રાઈઝ નામના કારખાનામાં સાંજે ગોંડલ તાલુકા પોલીસના ઈન્સ્પેકટર એ. ડી. પરમાર અને સર્વેલન્સ સ્ટાફની ટીમ પેટ્રોલિંગમાં હતી એ વખતે જુગાર રમાતો હોવાની બાતમી મળતા જ પોલીસ સ્ટાફે મળેલી માહિતીના સ્થળે દરોડો પાડી જુગાર રમી રહેલા શખ્સોને ઝડપી લીધા હતા. ગોંડલ તાલુકા પોલીસને જુગાર કેસ ન કરવા ભલામણના ફોન રણકવા લાગ્યા હતા પણ પોલીસે ટસની મસ થયા વગર કાર્યવાહી કરતા સોપો પડી ગયો



હતો. પકડાયેલા શખ્સો વેપાર સાથે સંકળાયેલા હોવાની વિગતો મળે છે. દરોડા દરમિયાન રોકડા રૂ. ૨૦.૨૧ લાખ, આઠ મોબાઈલ ફોન, જેની કિમત રૂ. ૬.૮૫ લાખ, ૩ મોટર કાર જેની કિંમત રૂ. ૫૫.૭૦ લાખ મળી કુલ રૂ. ૮૨.૭૬ લાખની માલમત્તાનો મુદ્દામાલ કબજે કર્યો છે.







